dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 183 | AD - 2024, Fagan Vad - 13 | Sunday, Dt.07-04-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ દ્વારા જે પ્રકારનો ઢંઢેરો જારી કરવામાં આવ્યો છે તે સાબિત કરે છે કે આજની કોંગ્રેસ ભારતની આકાંક્ષાઓથી દૂર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કોંગ્રેસ પર પ્રહાર...!

# મોદીએ કોંગ્રેસના ઢંઢેરાને 'મુસ્લિમ લીગની છાપ'ધરાવતો ગણાવ્યો

સહારનપુર, તા.૬

ઉત્તર પ્રદેશના સહારનપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ, સપા અને ઈન્ડિયા ગઠબંધન પર આકરા પ્રહારો કર્યા છે. એક રેલી દરમિયાન પીએમ મોદીએ કોંગ્રેસના ઢંઢેરાને "મુસ્લિમ લીગની છાપ" ધરાવતો ગણાવ્યો અને કહ્યું કે આજની કોંગ્રેસ ભારતને ૨૧મી સદીમાં આગળ લઈ જઈ શકતી નથી. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસનો ઢંઢેરો એ જ વિચારને પ્રતિબિંબિત કરે છે જે આઝાદી સમયે મુસ્લિમ લીગના હતા, જે કંઈ બચ્યુ છે તેના પર ડાબેરીઓનું વર્ચસ્વ છે. પોતાના પ્રહારોને વધુ તીવ્ર બનાવતા પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ દ્વારા જે પ્રકારનો ઢંઢેરો જારી કરવામાં આવ્યો છે તે સાબિત કરે છે કે આજની કોંગ્રેસ ભારતની આકાંક્ષાઓથી દૂર છે. તેમણે કહ્યું કે તમે મારું કામ જોયું છે. મારી દરેક ક્ષણ દેશના નામે છે. તમારું સ્વપ્ન મોદીનો સંકલ્પ છે. અમે ભ્રષ્ટાચાર પર જે હુમલો કરી રહ્યા છીએ તે તમારા સારા ભવિષ્ય માટે છે. પીએમે કહ્યું કે ભ્રષ્ટાચાર ગરીબોના સપના તોડે છે અને તમને લૂંટે છે. પીએમે કહ્યું, "તમારા પુત્ર-પુત્રીઓને બચાવવા માટે હું આટલા બધા અત્યાચારોનો સામનો કરી રહ્યો છું.અહીં ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શક્તિ વિરુદ્ધ રાહુલ ગાંધીના ભાષણ પર સવાલ ઉઠાવ્યા છે. મોદીએ કહ્યું કે આપણે એ દેશના લોકો છીએ જે શક્તિની પૂજા કરે છે, પરંતુ આ દેશની કમનસીબી છે કે ઈન્ડિયા ગઠબંધનના





લોકો શક્તિને ખુલ્લી રીતે પડકારી રહ્યા છે. તેમની લડાઈ શક્તિ સામે છે. શું કોઈ શક્તિને ખતમ કરી શકે છે? જેમણે શક્તિનો નાશ કરવાનો પ્રયાસ કર્યો તેમની શું હાલત થઈ તે પુરાણો અને ઈતિહાસના પાનાઓમાં નોંધાયેલું છે. રેલીમાં ઉપસ્થિત મુસ્લિમ સમુદાયના લોકોએ પણ પીએમ મોદીની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે પીએમ મોદીએ ક્યારેય હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભેદભાવ કર્યો નથી.

### પીએમ મોદીએ કહ્યું કે ૨૦૧૪ના એ દિવસોને યાદ કરો

જ્યારે દેશ ભારે નિરાશા અને સંકટના સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે મેં તમને બાંહેધરી આપી હતી કે હું દેશને ઝૂકવા નહીં દઉં, દેશને અટકવા નહીં દઉં. મેં સંકલ્પ કર્યો હતો કે તમારા આશીર્વાદથી હું દરેક શહેર બદલીશ. હું દરેક પરિસ્થિતિ બદલીશ, હું નિરાશાને આશામાં બદલીશ, હું આશાને વિશ્વાસમાં બદલીશ. તમે તમારા આશાવાદમાં કોઈ કસર છોડી નથી અને મોદીએ તેમની મહેનતમાં કોઈ કસર છોડી નથી.

## ભારતીય જનતા પાર્ટી સ્થાપના દિવસે નરેન્દ્ર મોદીએ શુભકામનાઓ પાઠવી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના સ્થાપના દિવસ નિમિત્તે કાર્યકર્તાઓને અભિનંદન અને શુભકામનાઓ પાઠવતા કહ્યું કે, ભાજપ દેશની સૌથી પ્રિય પાર્ટી છે, જે મંત્ર સાથે લોકોની સેવા કરવામાં વ્યસ્ત છે. 'નેશન ફર્સ્ટ' નું.. આ સાથે તેણે એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે દેશની જનતા તેને ત્રીજી ટર્મ માટે આશીર્વાદ આપવા જઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું, 'ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ પર દેશભરના મારા મહેનતુ અને મહેનતુ કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ. આજે ભાજપની એ તમામ મહાન હસ્તીઓને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે જેમણે પોતાની મહેનત, સંઘર્ષ અને બલિદાનથી પાર્ટીને આ ઉંચાઈ પર પહોંચાડી છે. આજે હું પૂરા વિશ્વાસ સાથે કહી શકું છું કે ભાજપ દેશની સૌથી પ્રિય પાર્ટી છે, જે 'નેશન ફર્સ્ટ'ના મંત્ર સાથે લોકોની સેવા કરવામાં લાગેલી છે.નવા ભારતમાં સ્વચ્છ અને પારદર્શક શાસનને કારણે વિકાસના લાભો કોઈપણ ભેદભાવ વિના છેલ્લા ક્રમે ઉભેલા ગરીબો સુધી પહોંચી રહ્યા છે.

## ચોમાસા અંગે હવામાન વિભાગની આગાહી

# ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પણ વધુ વરસાદ પડવાની સંભાવના

નવી દિલ્હી, તા.૬

દેશના મોટાભાગના વિસ્તારોમાં કાળઝાળ ગરમી જોવા મળી રહી છે. જ્યાં હીટવેવથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.જો કે ભારતીય હવામાન વિભાગ એ એક સારા સમાચાર આપ્યા છે. આ સમાચારથી ખેડૂતોને સારી રાહત મળી શકે છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યાં મુજબ ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે વધુ વરસાદ પડી શકે છે. કારણ કે અલ નીનોનો પ્રભાવ ઓછો થઈ રહ્યો છે. જેથી કરીને ચોમાસા માટે સારા માહોલનો સંકેત મળ્યો છે. મળતા અહેવાલ અનુસાર મધ્ય પ્રશાંત મહાસાગરના ગરમ થવાના સંકેત મળતા તેનાથી જાણવા મળે છે કે અલ નીનો ઓછું થઈ રહ્યું છે. જ્યાં



જૂન માસની શરૂઆત સુધીમાં તેનો પ્રભાવ ઘટી જશે. ત્યારબાદ તટસ્થ સ્થિતિ બની શકે છે. આ જળવાયુ ઘટના દક્ષિણ પશ્ચિમ મોનસુન માટે અનુકૂળ છે. ઉલ્લેખનીય છે કે દેશના કૃષિ ક્ષેત્ર માટે દક્ષિણ પશ્ચિમ ચોમાસું ખુબ મહત્વનું છે. જે દેશમાં લગભગ ૭૦ ટકા વાર્ષિક વર્ષાની આપૂર્તિ કરે છે. દેશના કૃષિ ક્ષેત્રનું જીડીપીમાં યોગદાન લગભગ ૧૪ ટકા છે.

# મનીષ સિસોદિયાની જ્યુડિશિયલ કસ્ટડી ૧૮ એપ્રિલ સુધી લંબાવાઈ

નવી દિલ્હી, તા.૬

દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આજે પણ દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને રાહત મળી નથી. વાત જાણે એમ છે કે, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે મનીષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી ૧૮ એપ્રિલ સુધી લંબાવી છે. આ કેસની આગામી સુનાવણી હવે ૧૮ એપ્રિલે રાઉઝ એવન્યુ કોર્ટમાં થશે. આ સાથે કોર્ટે ઈડીને જણાવવા કહ્યું કે, દરેક આરોપીએ દસ્તાવેજોની ચકાસણી કરવામાં અત્યાર સુધી કેટલો સમય લીધો



છે. મનીષ સિસોદિયાને રાઉઝ એવન્યુ કોર્ટે તેમને ૬ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા. અગાઉ ૨ એપ્રિલે તેમની જામીન અરજી પર સુનાવણી થઈ હતી. જામીન અરજી પર સુનાવણી દરમિયાન સિસોદિયાના વકીલે કહ્યું હતું કે, EDને હજુ સુધી સિસોદિયા પાસેથી કંઈ મળ્યું નથી. તપાસ પૂર્ણ થયાને ૧૦ મહિનાથી વધુ સમય થઈ ગયો છે. ઈડીને કોઈ પુરાવા મળ્યા નથી. મનીષ સિસોદિયાએ કહ્યું કે, તેઓ શરતી જામીન પણ સ્વીકારવા તૈયાર છે. તેમણે કહ્યું કે, તેઓ કોર્ટના દરેક નિર્ણયને સ્વીકારવા તૈયાર છે. તમને જણાવી દઈએ કે, સિસોદિયા દિલ્હી દારૂ કૌભાંડમાં લગભગ ૧૩ મહિનાથી તિહાડ જેલમાં બંધ છે. મનીષ સિસોદિયાની ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.

વ્યસન છુટી જાય એ
ડો. ડબાવાલા
ની ગેરંટી
હેલ્પ : 81405 26349 (૪૪વર્ષથી)

એક એવી શાળા કે જયાં તમને ભણવાનું ગૌરવ થાય...
નિત્યમ વિદ્યા સંકુલ
Website : nityamvidyasankul.org, E-mail : nityamvidyasankul@gmail.com
હસમુખ પટેલ
ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી / અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટ્સ
ગર્લ્સ - બોયઝ હોસ્ટેલ
હાફ ડે સ્કૂલ | ફુલ ડે સ્કૂલ
મિકસ મિડિયમ સ્કૂલ | જવાહર નવોદય પરીક્ષા સેન્ટર
વૈદિક પાઠશાળા | સ્પોર્ટ્સ સ્કૂલ
સ્કીલ સ્કુલ | ફિઝિકલ ટ્રેનીંગ એકેડેમી
સાયન્સ, કોમર્સ, આટર્સ અને બીસીએ. કોલેજ સુચિત
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી. મો. ૯૯૨૫૪ ૫૧૧૫૧

પછી કે'તા નહી
અમે રહી ગયા...
BHAGWATI ENERGY
PM સૂર્ય ઘર મફત વીજળી યોજના
સરકારની નવી યોજના મુજબ હવે સોલાર અપનાવવા પર મળશે.
વધુ સબસિડી!
₹78000 સુધી સબસીડી મળવા પાત્ર રહેશે.
SUNORA | adani Solar | RAYZON | GOLDI SOLAR | POLYCAB | LARSEN & TOUBRO
8080801217 / 9909189182
12, Bhagwati Shopping Center, Ground floor, Bhavnagar Road, Babra. (365421), Dist-Amreli
G-214 The Palladium Mall, near dairy done yogi chowk, surat.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઇપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

AIMS HOSPITAL-AMRELI - એઈમ્સ હોસ્પિટલ અમરેલી
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

Sheetal
We are HIRING!
BACK OFFICE
Number of position : 01
Segment : All Segment
Experience : 1 to 2 Years
Location : Amreli
HR RECRUITER
Number of position : 01
Segment : All Segment
Experience : 1 to 2 Years
Location : Amreli
Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૨,૪૯૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬/૦૪/૨૦૨૪ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૭-૦૪-૨૦૨૪

બુટલેગરોને પોલીસનો કંઇ જ ડર ન હોય તેમ બેરોકટોક દેશી દારૂ વેચી રહ્યા છે

# બગસરા પોલીસની મીઠી નજર તળે ચાલતા દેશી દારૂના હાટડા

બગસરા,તા.૬

બગસરામાં છેલ્લાં ઘણા દિવસથી પોલીસની કામગીરી માત્ર શાંતિ સમિતિની બેઠક પુરતી જ સીમિત થઈ ગઈ હોય તેવુ લાગી રહ્યુ છે. શહેરમાં લુખ્ખાઓનો ત્રાસ, રોમીયોગીરી અને સીનસપાટા કરતા યુવાનો બેરોકટોક બાઈક ચલાવી રહ્યાં છે. શહેરમાં ટ્રાફિક સમસ્યા વકરી રહી છે અને જવાનો મૂક તમાશો જોઈ રહ્યાં છે. આ બધી સમસ્યા વચ્ચે હવે શહેરમાં દેશી દારૂનું ધૂમ વેચાણ વધ્યુ હોવાની તસ્વીરો સામે આવી રહી છે. તસ્વીરો જોઈને પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. શહેરમાં બુટલેગરો બેફામ દેશી દારૂનુ વેચાણ કરી રહ્યાં છે. જેથી પરપ્રાંતિય લોકો, તેમજ પ્યાસીઓ બેરોકટોક દેશી દારૂ પી છાકટા બની શહેરમાં ફરી રહ્યાં છે. આવા દારૂડીયાઓને લીધે મહિલાઓની સલામતીનો પણ પ્રશ્ન ઉભો થયો છે. પોલીસ પેટ્રોલીંગ દરમિયાન ઉચ્ચ અધિકારીઓના આદેશથી દારૂડીયાઓ સામે કડક કાર્યવાહી કરી રહી છે પરંતુ આ દારૂ કયાંથી આવ્યો તે અંગે કોઈ તપાસ કરવામાં આવતી નથી. જો કે લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ દારૂ ક્યાંથી આવે છે અને કયાં વેચાય છે તે તમામ જાણકારી પોલીસને છે. બાતમીદારોનું વિશાળ નેટવર્ક ધરાવતી પોલીસને


તસવીર : હાર્દિક બામટા

બુટલેગરો વિશે કોઈ જાણકારી ન હોય તે વાત લોકોના ગળે ઉતરતી નથી. આગામી દિવસોમાં રમજાન ઈદ, રામનવમી, આંબેડકર જયંતિ જેવા તહેવારો આવતા હોય ત્યારે શાંતિ સમિતિની બેઠકમાં પોલીસ અધિકારીઓ આગેવાનોને સહકાર આપવા માટે જણાવી રહ્યાં છે. પરંતુ આ તહેવારોમાં પોલીસ દ્વારા બુટલેગરોને પકડવા માટેની કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. બસ સ્ટેશનમાં પણ પીધેલાઓ આંટાફેરા કરી રહ્યાં છે ત્યારે મહિલાઓ અને વિદ્યાર્થિનીઓ ભારે ભયના ઓથાર નીચે મુસાફરી કરે છે. પોલીસ દારૂના દુષણને નાબૂદ કરવા કોઈ કામગીરી કરતી ન હોવાથી શહેરીજનોમાં ભારે રોષ ફેલાયો છે. જો દારૂના દુષણના નાબૂદ કરવા પોલીસ કોઈ કાર્યવાહી નહી કરે તો જનતા રેડની તૈયારી કરવા રણનીતિ ઘડાઈ રહી છે.

**શહેરમાં ધમધમી રહ્યાં છે દેશી દારૂના હાટડા**

બગસરા શહેરમાં અમરપરા વિસ્તાર પાળા પાસે, હુડકો વિસ્તાર, રેલ્વે સ્ટેશન પાસે, અમરેલી રોડ સહિતના વિસ્તારમાં દેશી દારૂના હાટડા ધમધમી રહ્યાં છે. આ તમામ સ્થળોની જાણ શહેરના નાગરિકોને છે પરંતુ પોલીસ બુટલેગરો સામે લાજ કાઢતી હોવાથી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી

# કરીયાણા ગામે ડેમમાં ડૂબી જતાં ૧૨ વર્ષના સગીરનું મોત

### અકસ્માતના પગલે બાબરા પોલીસ સ્ટેશનના બી.પી. ડોડીયા દ્વારા તપાસ હાથ ધરાઈ

બાબરા, તા.૬

બાબરાના કરીયાણા ગામે તળાવમાં ડૂબી જવાથી ૧૨ વર્ષના બાળકનું મોત થયું હતું. આ અંગે ઈશ્વરીયા ગામે રહેતા મનજીભાઈ વિરજીભાઈ કમેજળીયા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર પાર્થ (ઉ.વ.૧૨) કરીયાણા ગામે ભાગવત સપ્તાહ શરૂ હોવાથી ત્યાં ગયો હતો. સપ્તાહ સ્થળની બાજુમાં ડેમના પાણીમાં પગ ધોવા જતાં અકસ્માતે પગ લપસી જતાં ડૂબી જવાથી મરણ પામ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી

અમરેલી, તા.૬

લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે પીએસઆઈ એસ. આર.ગોહિલના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક મળી હતી જેમાં આવનાર દિવસોમાં રમજાન ઈદ, બાબાસાહેબ આંબેડકર જયંતિ, રામ નવમી જેવા તહેવારોને અનુલક્ષીને તહેવારો શાંતિમય વાતાવરણમાં ઉજવાય અને ભાઈચારો જળવાય તે માટે ચર્ચા કરવામાં આવી હતી. લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ



ભનુભાઈ ડાભી, ભીખાભાઈ ધોરાજીયા, લીલીયા સરપંચ જીવનભાઈ વોરા, બાબુભાઈ ધામત, સયદુ બાપુ કાદરી, સલીમભાઈ બેલીમ, મુકેશભાઈ શિરમાન, કેપ્ટન ધામત, આનંદ ધાનાણી બહાદુરભાઈ બેરા, એડવોકેટ સંજય બગડા, વિજય કોગથીયા સહિતના હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો વેપારીઓ અને ગ્રામજનો આ શાંતિ સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# વિજપડી ગામનો યુવક દેશી જામગરી બંદૂક સાથે ઝડપાયો

### વિના પરમીટ દેશી જામગરી બંદૂક સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી

સાવરકુંડલા, તા.૬

સાવરકુંડલાના વિજપડી ગામનો એક યુવક ચીખલી ગામ તરફ જવાના રસ્તે આવેલા તેના રહેણાંક મકાનેથી હાથ બનાવટની દેશી જામગરી બંદૂક સાથે ઝડપાયો હતો. કેતનભાઈ સોમાભાઈ પુરબીયા (ઉ.વ.૩૦) પરવાના-લાયસન્સ વગર હાથ બનાવટની દેશી જામગરી બંદૂક સાથે ઝડપાયો હતો. પોલીસે અગ્નિશસ્ત્ર કબ્જે કરી તેની સામે કાર્યવાહી કરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયા પોલીસ દ્વારા માતેલા સાંઢની જેમ ચાલતા વાહનો સામે તવાઈ

અમરેલી,તા.૬

અમરેલી જિલ્લામાં માતેલા સાંઢની જેમ વાહનો દોડતા હોવાથી અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. આ બાબતે અનેકવાર પોલીસને રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નહોતી જેથી રાહદારીઓ અને બાળકોમાં ભયનો માહોલ છવાયો હતો. જો કે આ બાબતે વડીયા પોલીસે



ગંભીરતા દાખવી માતેલા સાંઢની જેમ શહેરમાં ચાલતા વાહનો સામે કડક કામગીરી કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. વડીયા પંથકમાં છેલ્લાં ઘણા દિવસથી કપાસ ભરેલા ટ્રક બેફામ ચાલતા હોવાથી રાહદારીઓ અને નાના વાહનચાલકોમાં ભારે ભયનો માહોલ છવાયો હતો. મોટા વાહનોની સાથે સગીર વયના બાળકો લાયસન્સ વગર ધૂમ સ્ટાઈલથી બાઈક ચલાવતા હોય ત્યારે દુકાનદારો અને રાહદારીઓ માનસિક ત્રાસ સહન કરી રહ્યાં છે. છકડો રીક્ષામાં પણ જોરદાર સાયલેન્સર ફીટ કરી ધ્વનિ પ્રદુષણ કરાય છે અને ધુળની ડમરીઓ ઉડી રહી છે. આ તમામ પરેશાની વડીયાની જનતા ભોગવતી હોવાથી પોલીસ દ્વારા માતેલા સાંઢની જેમ ચાલતા વાહનો પર તવાઈ બોલાવી હતી. જેમાં એક જ દિવસમાં પાંચ વાહનોને ડીટેઈન કરી વાહનચાલકોને કાયદાનું ભાન કરાવાયું હતુ.

# પરશોતમ રૂપાલાના નિવેદનનો વિરોધ, સાવરકુંડલા ક્ષત્રિય સમાજનું આવેદન

### રૂપાલાની ટિકિટ રદ કરવા ક્ષત્રિય સમાજે ઉગ્ર માંગ કરી

સાવરકુંડલા,તા.૬


તસવીર : સૌરભ દોશી

રાજકોટ લોકસભાના ભાજપ ઉમેદવાર પરશોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલા નિવેદનનો ઠેર-ઠેર વિરોધ થઈ રહ્યો છે ત્યારે આ નિવેદનને સાવરકુંડલા ક્ષત્રિય સમાજે પણ વખોડી કાઢ્યુ છે. પરશોતમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે ક્ષત્રિય સમાજે ડેપ્યુટી કલેકટરને આવેદન પાઠવ્યું હતુ.

**મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયત કચેરી**

તા. સાવરકુંડલા, જી. અમરેલી તા.૦૭/૦૪/૨૦૨૪

**જાહેર નિવિદા** વર્ષ,૨૦૨૪-૨૫

આથી રસ ધરાવનાર તમામ -વેપારી-આસામીઓને જાણ કરવામાં આવે છે કે, મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયતમાં ૧૫ મું. નાણાપંચ અન્ય ગ્રાન્ટોમાંથી કામો કરવાના થતા હોય નીચેની વિગતેનો માલ-સામાન મંજૂરીના ભાવો ગ્રા.પં. કચેરી મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયત ખાતે જાહેર નિવિદા પ્રસિધ્ધ થવાથી દિન-૮ માં પહોંચતા કરવા જાણ કરવામાં આવે છે. આ ભાવ આખા વર્ષ માટે મંગાવવામાં આવે છે.

(૧) પેવર બ્લોક ૬૦ એમ.એમ. થી ૮૦ એમ.એમ.એક ચો.મી.નાં ભાવ રૂા.....
(૨) રસો પાઈપ/પી.વી.સી. પાઈપ/પ૩ એમ.એમ.થી ૯૦ એમ.એમ.મીટર એકના ભાવ રૂા....
(૩) લોખંડ આઈ.એસ.આઈ બ્રાન્ડનાં ૫ એમ.એમ.થી ૨૦ એમ.એમ.૨૦ કિ.ગ્રા.નાં ભાવ રૂા...
(૪) રેતી ચોળેલી ચોખી એક ટ્રેકટર ફેરાના ભાવ રૂા...
(૫) ભુગર્ભ ગટરની તમામ વસ્તુઓના ભાવ રૂા....
(૬) આઈએસઆઈ સારી કંપનીની સિમેન્ટ થેલી ૧ નાં ભાવ રૂા...
(૭) ક્સ મેટલ ૨૦ એમ.એમથી ૯૦ એમ.એમ.એક ઘન મીટરનાં ભાવ રૂા...
(૮) મેટલ એક ફેરાના ભાવ રૂા....
(૯) મજુરીના તમામ ભાવ રૂા...
(૧૦) જે.સી.બી. ખોદાણ/ પુરાણ ૧ કલાકનાં ભાવ રૂા....

ઉપર મુજબની વિગતોનાં ભાવ મંજૂર/ના મંજૂર કરવાના અધિકારો સરપંચશ્રીને રહેશે, જેની જાણ કરવામાં આવે છે,કે તેમજ આ ભાવો સાઈટ ઉપર પહોચતા કરવાના તથા જી.એસ.ટી (ટેક્ષ) સાથેના આપવાના રહેશે.

સરપંચ શ્રી, મોટા ઝીંઝુડા ગ્રામ પંચાયત

# જીટીયુ બી.ફાર્મ સેમ.૧ માં સંકુલની વિદ્યાર્થિની ટોપટેનમાં આવતા અભિનંદન પાઠવાયા

અમરેલી, તા.૬

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં બી.ફાર્મ સેમેસ્ટર ૧ નુ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે તેમાં અમરેલી પટેલ સંકુલની વિદ્યાર્થિની બાંભણીયા મહેકએ જીટીયુ ટોપટેનમાં સ્થાન મેળવ્યુ છે. જ્યારે જીટીયુ ટોપટેનમાં સંકુલની કોલેજે પ્રથમ સ્થાન મેળવ્યું છે.

આ સિદ્ધિ મેળવવા બદલ



સ્ટાફ અને વિદ્યાર્થિની તેમજ તમામ સ્ટુન્ડને સંકુલ પરિવાર અને ટ્રસ્ટીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સ્વામિનારાયણ ગુરુકુલ સાવરકુંડલા દ્વારા ૩૨૬ મો ફ્રી નેત્રનિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા. ૬

શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દઓને ધ્યાનમાં રાખી તા- ૫-૪-૨૪ ના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૨૬મા નેત્ર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ



આંખના ડોકટરો દ્વારા ૯૭ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ ૧૮ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન તેમજ સારવાર આપવામાં આવી હતી અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી. નેત્રકેમ્પના યજમાન પદે - અ. નિ. રમણિકભાઈ દેસાઈ તમજ હયાત યોગેશભાઈ રમણિકભાઈ દેસાઈ મુંબઈ રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

**કારકેર સેન્ટર**

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




**નવનીત ઓટો સેન્ટર**

ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595 | New Number 97230 67130 | હર્ષદ સંધાણી 98242 33314

**હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો**

**અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી**

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શ્યુરન્સ પોલીસી

**શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?**




**મુકેશ મોટર ગેરેજ** Info.mmgamr.gmail.com

C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# રાજકોટ ખાતે પુરુષોત્તમ રૂપાલાને જીતાડવા અમરેલીના વતનીઓનો સ્નેહ સંવાદ કાર્યક્રમ

રાજકોટ,તા.૬

રાજકોટના નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર ટીલાળા ચોક નજીક આવેલ ક્રિષ્ના ગૌશાળા ખાતે એક કાર્યક્રમનું આયોજન અંબરીશ ડેરની આગેવાનીમાં અમરેલી જિલ્લાની યુવા ભાજપની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. મૂળ અમરેલીના અને રાજકોટમાં વસતા લોકો સાથે સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મૂળ અમરેલીના અને રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટના લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, આજે મારે આમ તો તમને બધાને વધુ કંઈ કહેવાની જરૂર નથી પણ એક વાત ખાસ કહું છું. બે દિવસ તમારે બધાએ ફરજિયાત આવવાનું છે. હું તમને સમય આપીશ એક-બે દિવસમાં ફોર્મ ભરવાની તારીખ નક્કી કરીને આપીશ ત્યારે પાઘડી બાંધી તમારે બધાને આવવાનું છે. પાઘડી બાંધવાનો મતલબ જાનૈયા બનીને તમારે બધાએ આવવાનું છે. આ પછી બીજી વખત મતદાનની તારીખ આવે ત્યારે સાગમટે આવવાનું છે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મારા ઉપર મહાદેવની કૃપા છે કે અંબરીશ ડેર મને મદદે આવ્યો એનાથી મોટી ભગવાનની કૃપા હોઈ ન શકે. અમરેલીથી પાણીની સમસ્યા કારણે જ મોટાભાગે લોકો અહીં રાજકોટ આવ્યા હશે. હું અમરેલીમાં ચીફ ઓફિસર હતો ત્યારે ૧૫ દિવસે ૧૫ મિનિટ પાણી વિતરણ થતું. કોંગ્રેસની સરકાર હતી ત્યારે ડંકીના બોર મંજૂર કરાતા અને ટેન્કરો ફાળવતા આ જ ઉપાય હતો. માંગ્યા વિના મા પણ ન પીરસે પરંતુ, માંગ્યા વિના આપે એ નરેન્દ્ર મોદી. મોદીએ ૨૪ કલાક વીજળી આપી, નર્મદાનું પાણી આપ્યું, આરોગ્ય ક્ષેત્રે ૧૦૮ સુવિધા આપી. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના નેતા અંબરીશ ડેર દ્વારા અમરેલી જિલ્લાના ૮ આગેવાનો સાથે મળી સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અંબરીશ ડેરે જણાવ્યું હતું કે, રાજકોટ અને અમરેલીનો એકબીજાનો જૂનો નાતો છે. રાજકોટમાં પાણીની સમસ્યા હતી ત્યારે અમરેલીએ ટ્રેન મારફત પાણી પહોચાડ્યું હતું અને તૌકતે વાવાઝોડા દરમિયાન રાજકોટ અમરેલીની મદદે આવ્યું હતું.



# કુંકાવાવ પંથકમાં કોંગ્રેસ ઉમેદવારને જીતાડવા ડી.કે.રૈયાણીનો ઝંઝાવાતી પ્રચાર

અમરેલી,તા.૬

લોકસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ ભાજપ-કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. કોંગ્રેસ દ્વારા લોકસભાની બેઠક માટે મહિલા ઉમેદવાર જેનીબેન ઠુંમરને ટિકિટ આપતાની સાથે જિલ્લા કોંગ્રેસના આગેવાનો ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. જેમાં પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે.રૈયાણીએ કુંકાવાવ પંથકમાં કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે ઝંઝાવાતી પ્રચાર શરૂ કરી દીધો છે. તેમની સાથે જગદીશ તળાવીયા સહિતનાઓ જોડાયા હતા.



# જાફરાબાદ બીટના લોઠપુર ગામે કૂવામાં પડેલ દીપડીનું રેસ્કયૂ

રાજુલા,તા.૬

જાફરાબાદ બીટના લોઠપુર ગામે ઉસ્માનભાઈ નુરમહમદભાઈ બુકેરાની માલિકીની વાડીના ખાલી કૂવામાં દીપડો પડી ગયો હોવાની જાણ થતા તેમણે તરત જ આ બાબતે વન વિભાગને જાણ કરી હતી. જેથી આરએફઓ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.સાઈડ શટર પીંજરૂ કૂવામાં ઉતારી દીપડીને સુરક્ષિત રીતે બહાર કાઢી દીપડીનું રેસ્કયૂ કરાયુ હતુ.



તસવીર : ગોપાલ રાઠોડ

# ખાંભામાં પ્રોહિબિશનના કેસમાં ફરાર આરોપીને ઝડપી પાડતી પોલીસ

અમરેલી,તા.૬

લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે અમરેલી જિલ્લા પોલીસ નાસતા ફરતા આરોપીઓને ઝડપવા માટે કાર્યવાહી કરી રહી છે. ખાંભા પોલીસ સ્ટેશનમાં આશરે દોઢ વર્ષ પહેલાં કિશોરભાઈ નનકુભાઈ કોટીલા રેહવાસી ભાડ, તાલુકો ખાંભા પ્રોહીબિશનના ગુનામાં ફરાર હતો. ત્યારે ખાંભા પીએસઆઇ કે.ડી.હડીયા, કિકર, મિતેષભાઈ વાળા,રાજુભાઈ બોદર સહિત પોલીસ કર્મચારીઓએ નાસતા ફરતા આરોપીને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



# સા.કુંડલા ખાતે ભરત સુતરીયાને અભૂતપૂર્વ પ્રતિસાદથી ભાજપમાં હરખની હેલી

## દિલીપ સંઘાણી, નારણ કાછડીયા સહિતના નેતાઓએ યોજ્યું વિજય વિશ્વાસ સંમેલન

અમરેલી, તા.૬

અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર દ્વારા આજે બાઈક રેલી દ્વારા પ્રચાર, પ્રસારનો શુભારંભ સાવરકુંડલા ખાતેથી કરીને સત્વ અટલધારા કાર્યલાય નજીક વિજય વિશ્વાસ સંમેલન દિલીપ સંઘાણી અને નારણ કાછડીયાની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે યોજાયું હતું. સાવરકુંડલા શહેરના મુખ્ય માર્ગો પર ખુલ્લી જીપમાં બે પૂર્વ સાંસદ દિલીપ સંઘાણી અને નારણ કાછડીયાની વચ્ચે ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાએ અભિવાદન જીલ્યું હતું.

દિલીપ સંઘાણીએ જાહેર મંચ પરથી બે પૂર્વ સાંસદ વચ્ચે ભરત સુતરીયાને ભાવિ સાંસદ ગણાવ્યા હતા ને કોંગ્રેસ દ્વારા થતા અપપ્રચારને લઈને અસંતુષ્ટીની વાતોનો છેદ દિલીપ સંઘાણીએ ઉડાવીને એકતાનું પરિબળ જાહેર મંચ પર બિરાજ્યું હોવાનુ જણાવ્યુ હતું.

સાવરકુંડલાના આંગણે મળેલા વિજય વિશ્વાસ સંમેલનમાં ધારાસભ્ય મહેશ કસવાલા ખીલી ઉઠ્યા હતા અને નરેન્દ્ર મોદીની નકલ કરવા અંગે રાહુલ ગાંધી પર નિશાન તાક્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય કૌશિક વેકરીયા, હીરાભાઈ સોલંકી, જનક તળાવીયા, શહેર ભાજપ, તાલુકા ભાજપ અને લીલીયા ભાજપ સાથે નવનિયુક્ત થયેલી મહિલા મોરચાની બહેનોએ કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા હતા.





## અવસાન નોંધ

**દામનગર**

સ્વ.પરશોતમભાઈ જગુભાઈ મકવાણા(ઉ.વ.૮૪)નું તા.૦૧/૦૪/૨૦૨૪ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે લાલજીભાઈના પિતાશ્રી થાય છે. તેમની ઉત્તરક્રિયા(પાણીઢોળ) તા.૧૨/૦૪/૨૦૨૪ને શુક્રવારના રોજ પુરબીયા શેરી, દામનગર રાખેલ છે.

**ધોરાજી**

સ્વ.મુકેશકુમાર વલ્લભદાસ રાવલ(ઉ.વ.૬૭)નું તા.૦૬/૦૪/૨૦૨૩ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કુલદીપભાઈ રાવલ તથા શ્રુતિબેન પાર્થભાઈ રાવલ(ગોંડલ) અને ફાલ્ગુનીબેન બ્રીજેશભાઈ પંડયા(જુનાગઢ)ના પિતાશ્રી થાય છે. તેમનું બેસણુ તા.૦૮/૦૪/૨૦૨૪(સોમવાર)ના રોજ સાંજે ૦૪:૦૦ થી ૦:૬ કલાકે બ્રહ્મસમાજની વાડી, બગીચા પાસે, ધોરાજી મુકામે રાખેલ છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીનીં કોઇ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




પાંજરાપોળ ગૌશાળા અમરેલી
જોઈએ છે
ગૌશાળામાં રહી શકે તેવા અનુભવી મેનેજરની સંચાલન માટે જરૂર છે. અનુભવીને પ્રથમ પસંદગી રહેવાની સગવડતા આપવામાં આવશે.
ઓફિસ :-
જીવદયા ભવન, જુની બજાર,સંભવનાથજી જૈન દેરાસર પાસે, પાણી દરવાજા રોડ,અમરેલી, ફોન : (ઓફિસ) ૨૨૨૮૧૧, મો. ૭૯૮૪૫ ૩૪૫૨૨
દિલીપભાઇ પરીખ ૯૮૨૫૫ ૪૯૧૧૭
વસંતભાઇ પોકળ ૯૪૨૬૪ ૭૧૪૭૨
મુકુંદભાઇ ગઢીયા - ૯૩૨૮૬ ૧૨૦૬૪

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા



તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહ શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

દરેક પ્રકારના વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર,વિઝીકૂલર બનાવનાર....
SINCE 1990




: ઓથો.ડીલર:
Haier | VOLTAS | HI-FROST | BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છૂટક તેમજ હોલસેલ ખરીદવા માટે.....
દુ. ૬/૭- ઓપેરા હાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી. મો. ૯૪૨૬૨૮૭૦૯૭




વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૯૪૫ સર્વિસ નં. ૭૦૯૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# લીલીયા અને મહુવા પંથકમાં જેનીબેન ઠુંમરનો ઝંઝાવાતી પ્રચાર

## સાવરકુંડલા શહેરમાં જનસંપર્ક કાર્યક્રમમાં કાર્યકર્તાઓની બહોળી હાજરી

અમરેલી,તા.૬

અમરેલી લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમર દ્વારા લીલીયા તાલુકા પંથકમાં જનસંપર્ક કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે.



જે અંતર્ગત લીલીયા તાલુકાના જાત્રોડા, ગુંદરણ, ખારા અને પાંચ તલાવડા ગામે કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકરો તેમજ ગામલોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને જેનીબેન ઠુંમર દ્વારા લીલીયા તાલુકા પંથકમાં છેવાડાના ગામ સુધી પરિવર્તન લાવવાનો હુંકાર કરાયો હતો. જયારે સાવરકુંડલા શહેરમાં પણ જનસંપર્ક કાર્યક્રમમાં કોંગ્રેસ અને આપના કાર્યકરોને કોંગ્રેસ ગઠબંધન અને જેનીબેનને જીતાડવા કામે લાગી જવા હાકલ કરી હતી. મહુવા દરબારી વાડી ખાતે કોંગ્રેસના અગ્રણીઓની બેઠક મળી હતી. જેમાં ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ વિરોધ પક્ષ વિધાનસભા નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુંમર, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારીયા આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવક પ્રમુખ બ્રિજરાજભાઈ સોલંકી સહિતનાઓ હાજર રહી ભાજપ સરકાર મોંઘવારી બાબતે સદંતર નિષ્ફળ ગઈ હોવાના આક્ષેપો કર્યા હતા. આ બેઠકમાં હાજર રહેલા આગેવાનોએ જેનીબેન ઠુંમરને જંગી લીડથી ચૂંટી કાઢવા માટે આહવાન કર્યુ હતુ.





# અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા

અમરેલી, તા.૬

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે મતદારોને મતદાનના મહત્વ વિશે સમજ આપવા અને મતદાનના શપથ લેવા માટેના વિવિધ કાર્યક્રમોનું આયોજન જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ખાસ કરીને ચુનાવ પાઠશાળા થકી યુવાનોને લોકશાહીના પર્વમાં સામેલ થવા આહવાન કરવામા આવ્યું છે.મતદાન માટે યુવાનો, મહિલાઓ સહિતના નાગરિકોમાં જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (ટી.આઈ.પી.) અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. તાજેતરમાં અમરેલીના શેડુભાર, બગસરા શહેરી વિસ્તાર ખાંભા આઈટીઆઈ, સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં, કુંકાવાવ આઇ.ટી.આઇ. ખાતે, અમરેલી, બાબરા, રાજુલા સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં મતદાર જાગૃતિ અંગે બેઠક યોજી મતદારોને મતદાનના મહત્વ વિશે સમજ આપી અચૂક મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.




# ધારી યોગીજી મહારાજ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ

## પ્રાંત અધિકારી, તાલુકા વિકાસ અધિકારી સહિતે સહભાગી બની મતદાનનો સંદેશો ફેલાવ્યો

અમરેલી,તા.૬

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન અંતર્ગત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃત્તિ પ્રસરાવવાના આયોજનના ભાગરુપે કાર્યક્રમો શરુ છે. અમરેલી જિલ્લાના ધારી સ્થિત યોગીજી મહારાજ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમ અન્વયે યુવાઓ બાઈક રેલીમાં જોડાયા હતા. ધારી પ્રાંત અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારીએ સહભાગી બનીને મતદાનનો સંદેશો પ્રસરાવ્યો હતો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાઓએ મતદાન માટે શપથ લીધા હતા.




# ફતેગઢ, સા.કુંડલાના પુરુષનું ઝેરી દવા પીધા બાદ સારવારમાં મોત

## બંને મૃતકોને માનસિક બીમારી હતી

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લામાં બે પુરુષોએ ઝેરી દવા પીધી હતી. જે બાદ સારવારમાં તેમનુ મોત થયું હતું. ધારીના ફતેગઢ ગામે રહેતા રાજીબેન રામભાઈ ચાવડા (ઉ.વ.૮૦) એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ રામજીભાઈ ઉર્ફે રામભાઈ ખોડાભાઈ ચાવડા (ઉ.વ.૮૫)ની છ મહિનાથી માનસિક સ્થિતિ સારી નહોતી. જેથી તેમણે પોતાની મેળે અનાજમાં નાંખવાની ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત થયું હતું. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ. એસ.વાળા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં રહેતા વિપુલભાઈ જીવરાજભાઈ ઢોલરીયા (ઉ.વ.૪૪)એ જાહેર કર્યા મુજબ, રાજેશભાઈ જીવરાજભાઈ ઢોલરીયા (ઉ.વ.૪૦)ને છેલ્લા ૧૦ વર્ષથી માનસિક બીમારીની દવા ચાલુ હતી અને સારું થતું નહોતું. જેથી પોતાની મેળે ઝેરી દવા પી લેતાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ દરમિયાન મોત થયું હતું. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વિજયાનગરમાં છુટાછેડા બાદ એકલવાયું જીવન જીવતાં યુવકે ઝેરી દવા પીધી

## ઉંદર મારવાની ઝેરી દવાની પડીકી દૂધમાં ભેળવી પી લીધી

સાવરકુંડલા, તા.૬

સાવરકુંડલાના વિજયાનગરમાં રહેતા એક યુવકના છુટાછેડા થયા હતા. જે બાદ એકલવાયું જીવન જીવતો હતો.

જેને લઈ લાગી આવતાં ઝેરી દવા પીધી હતી. આકાશ હીરાભાઈ ગોઠવાડીયા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમના આજથી ત્રણ વર્ષ પહેલા છુટાછેડા થયા હતા અને એકલવાયું જીવન જીવતા હતા. જેથી મનમાં આવી જિંદગી જીવવી કરતા ન જીવવું સારું તેવા વિચાર આવતા હતા. જેથી ઉંદર મારવાની ઝેરી દવાની પડીકી દૂધમાં ભેળવી પી લીધી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆ વાય.એસ.વનરા વધુ તપાસ કરી રહ્યા છે.

# જુની બારપટોળી ગામના યુવકે ભાગીદારીના બાકી પૈસા માંગતા એસિડ એટેક કરવામાં આવ્યો

રાજુલા, તા.૬

રાજુલના જુના બારપટોળી ગામે રહેતા એક યુવકે ભાગીદારીના બાકી પૈસા માંગતા તેના પર એસિડ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે શિવાભાઈ બાબુભાઈ લાખણોત્રા (ઉ.વ.૩૯)એ પાટી સમઢીયાળા ગામના બિજલભાઈ લખમણભાઈ વાઘ તથા એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, છ વર્ષ પહેલા બિજલભાઈ વાઘના દિકરા મુકેશભાઈ બિજલભાઈ વાઘને રાજુલા રામજી મંદિર વાળા ખાચામાં આવેલ કાપડની દુકાન ભાગમાં હતી. દુકાન મુકેશને બાર લાખ આપવાની શરતે ભાગમાંથી છુટા કરી દીધા હતા. બાર લાખમાંથી પાંચ લાખ રૂપિયા રોકડા આપ્યા હતા, બાકી રહેતા સાત લાખ રૂપિયાની માંગણી કરતા તેમની વિરૂધ્ધ અરજી કરી હતી. જેથી તેમણે તેમના સગા સબંધી દ્વારા પોતાના રૂપિયા આપવાની વાત કરતા આરોપીઓને સારૂ નહી લાગતા તેઓ તથા સાહેદ સનેડો લઈ રાજુલા આવતા નવી બારપટોળીથી રાજુલા તરફ જતા રોડ ઉપર ભુતડાદાદાના મંદિર પહેલા આરોપીઓ બોટલમાં રહેલું એસિડ ફેંકતા શરીરે દાઝી ગયા હતા. ઉપરાંત ગાળો આપી ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. આઈ.જે.ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૫૯૫ |
| ઘઉં લોકવન | ૪૭૮ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૯૭ | ૫૮૪ |
| જુવાર સફેદ | ૭૮૦ | ૮૭૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૭૦ |
| બાજરી | ૩૭૫ | ૪૨૫ |
| તુવેર | ૧૫૫૦ | ૨૨૮૪ |
| ચણા પીળા | ૧૦૭૫ | ૧૧૪૪ |
| અડદ | ૧૪૦૦ | ૧૯૬૫ |
| મગ | ૧૩૭૫ | ૧૯૪૧ |
| વાલ દેશી | ૮૨૦ | ૧૭૫૦ |
| વાલ પાપડી | ૧૩૦૦ | ૧૯૦૦ |
| ચોળી | ૨૧૦૦ | ૨૧૦૦ |
| વટાણા | ૧૩૫૦ | ૧૫૩૦ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૭૫૦ |
| મગફળી જાડી | ૧૧૨૦ | ૧૩૬૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૨૩૫ |
| અળશી | ૭૦૦ | ૮૫૦ |
| તલી | ૨૪૫૦ | ૨૭૦૦ |
| સુરજમુખી | ૬૩૦ | ૮૫૦ |
| એરંડા | ૧૦૭૦ | ૧૧૫૧ |
| અજમો | ૨૦૯૯ | ૨૫૨૫ |
| સુવા | ૧૦૧૫ | ૧૧૦૦ |
| સોયાબીન | ૮૮૯ | ૯૦૨ |
| સીંગફાડા | ૧૨૨૦ | ૧૬૩૫ |
| કાળા તલ | ૨૮૪૪ | ૩૩૪૬ |
| લસણ | ૧૨૦૦ | ૨૮૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૮૧૧ |
| મરચા સુકા | ૧૨૫૦ | ૩૬૦૦ |

| | | |
|---|---|---|
| ધાણી | ૧૩૫૦ | ૨૨૫૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૬૦૦ |
| જીરૂ | ૩૮૨૫ | ૪૭૭૦ |
| રાય | ૧૧૫૦ | ૧૩૫૧ |
| મેથી | ૧૦૧૦ | ૧૩૭૦ |
| ઇસબગુલ | ૧૯૦૦ | ૨૪૦૦ |
| અશેરીયો | ૧૨૬૦ | ૧૨૬૦ |
| કલોંજી | ૩૦૨૫ | ૩૫૯૦ |
| રાયડો | ૮૭૦ | ૯૪૨ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૩૦ | ૬૫૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| શક્કરટેટી | ૨૫૦ | ૫૩૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૬૦ |
| બટેટા | ૩૫૦ | ૫૬૮ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૭૦ |
| ટમેટા | ૧૦૦ | ૨૧૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૧૫૦ |
| શક્કરિયા | ૨૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૨૦૦ | ૩૭૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૬૦ |
| ભીંડો | ૭૩૦ | ૧૧૮૦ |
| ગુવાર | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૫૫૦ | ૮૩૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૫૦ | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| સરગવો | ૨૨૦ | ૪૩૦ |
| તુરીયા | ૫૫૦ | ૮૫૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૫૦ |
| ગાજર | ૧૨૦ | ૨૮૦ |
| વટાણા | ૬૦૦ | ૯૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૨૦ | ૨૫૦ |
| મેથી | ૧૫૦ | ૩૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૧૯૫૦ | ૨૨૩૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૪૦ |
| ગુંદા | ૫૦૦ | ૮૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૬૦ | ૫૦૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૨૫૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૧૦ |
| શક્કરિયા | ૧૭૦ | ૨૫૦ |
| ટામેટા | ૧૮૦ | ૨૫૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૧૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ગુંદા | ૬૨૦ | ૮૨૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ચોળાશીંગ | ૭૨૦ | ૮૨૦ |
| તુરીયા | ૮૧૦ | ૯૧૦ |
| ભીંડો | ૭૨૦ | ૮૨૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૨૧૦ | ૩૧૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૧૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચા લીલા | ૩૨૦ | ૪૨૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૬૦ |
| લસણ લીલું | ૧૨૦૦ | ૧૪૦૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૨૮૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૬૪૦ | ૨૦૪૦ |
| પાલક | ૩૨૦ | ૪૨૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૧૦૩૨ | ૧૫૩૦ |
| શિંગ મઠડી | ૧૦૭૧ | ૧૨૧૦ |
| શિંગ મોટી | ૧૦૫૨ | ૧૨૭૦ |
| શિંગ ફાડા | ૧૪૦૦ | ૧૫૫૯ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૭૦૦ |
| તલ કાશ્મીરી | ૩૭૦૦ | ૩૭૦૦ |
| બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| જુવાર | ૭૯૦ | ૭૯૦ |

| | | |
|---|---|---|
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૫૫ |
| ઘઉં લોકવન | ૪૧૫ | ૫૫૧ |
| ચણા | ૮૯૬ | ૧૧૩૧ |
| ચણા દેશી | ૧૦૭૩ | ૧૩૧૦ |
| તુવેર | ૧૦૨૫ | ૨૦૨૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૨૧ |
| જીરું | ૩૬૭૦ | ૫૦૦૦ |
| રાયડો | ૭૪૦ | ૮૮૫ |
| રાઈ | ૯૪૫ | ૧૧૮૦ |
| ધાણા | ૧૧૩૦ | ૧૮૭૦ |
| ધાણી | ૧૩૦૦ | ૨૦૯૦ |
| અજમા | ૨૦૫૦ | ૨૫૦૦ |
| મેથી | ૯૭૦ | ૧૦૩૯ |
| સોયાબીન | ૮૨૦ | ૮૮૧ |
| મરચા લાંબા | ૭૩૦ | ૫૭૫૦ |
| વરીયાળી | ૧૮૨૫ | ૧૯૦૦ |
| સુવા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૫૪ | ૧૫૫૬ |
| ઘઉં | ૪૭૦ | ૫૬૦ |
| ચણા | ૧૦૫૪ | ૧૧૨૬ |
| જીરૂ | ૪૦૧૫ | ૪૬૨૫ |
| ધાણા | ૧૩૮૦ | ૧૭૦૦ |
| મેથી | ૧૦૪૬ | ૧૦૯૪ |
| એરંડા | ૧૦૧૦ | ૧૦૯૦ |
| રાઈ | ૯૮૦ | ૧૧૪૦ |
| તુવેર | ૧૫૩૦ | ૧૭૪૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૭૨ |
| **ધારી** | | |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૦ | ૧૪૦૧ |
| ઘઉં | ૩૮૧ | ૫૫૫ |
| ચણા | ૧૦૮૪ | ૧૦૯૧ |
| ધાણા | ૧૧૦૫ | ૧૪૬૦ |
| તુવેર | ૧૬૦૦ | ૧૯૦૦ |
| સફેદ ચણા | ૧૩૩૧ | ૧૩૩૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૨૫ | ૧૩૯૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૯૦ | ૫૩૦ |
| ઘઉં | ૪૬૦ | ૫૨૦ |
| રાયડો | ૮૦૦ | ૯૭૬ |
| મેથી | ૯૦૦ | ૧૧૩૨ |
| જુવાર | ૭૫૦ | ૮૮૧ |
| ચણા | ૯૨૫ | ૧૧૧૮ |
| સોયાબીન | ૯૦૦ | ૯૨૪ |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૭ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૧૦૫૮ | ૧૪૬૯ |
| જુવાર | ૩૦૧ | ૮૩૧ |
| બાજરી | ૩૫૦ | ૫૫૯ |
| ઘઉં ટુકડા | ૪૦૪ | ૬૩૮ |
| મકાઈ | ૪૦૬ | ૪૬૨ |
| મેથી | ૬૦૦ | ૯૫૩ |
| ધાણા | ૭૩૦ | ૧૯૪૫ |
| સોયાબીન | ૮૬૧ | ૮૭૨ |
| ચણા દેશી | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ચણા નં.૩ | ૧૦૩૨ | ૧૧૧૭ |
| તલ | ૨૦૧૦ | ૨૬૮૫ |
| તલ કાળા | ૩૬૦૦ | ૩૬૦૦ |
| તુવેર | ૧૭૩૫ | ૧૮૦૦ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૩૫૦૧ | ૪૬૦૦ |
| ડુંગળી | ૧૦૦ | ૩૫૪ |
| ડુંગળી સફેદ | ૨૩૭ | ૨૨૯૧ |
| નાળિયેર | ૨૦૦ | ૧૭૪૪ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૧૫ |
| ચણા | ૧૦૬૫ | ૧૧૦૫ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ધાણા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ચણા | ૮૮૦ | ૧૦૯૨ |
| સફેદ ચણા | ૮૦૦ | ૧૪૦૦ |
| મગ | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૬૩ |
| ઘઉં ટુકડા | ૩૫૮ | ૪૯૬ |
| ધાણા | ૧૨૧૦ | ૧૫૩૫ |
| તુવેર | ૧૨૦૫ | ૧૮૦૦ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૨૨ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૬૪ |
| મગફળી | ૮૫૦ | ૮૫૦ |
| તલ | ૨૫૦૦ | ૨૭૦૦ |
| તલ પીળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૮ |

| | | |
|---|---|---|
| જુવાર | ૪૨૫ | ૯૦૨ |
| મકાઈ | ૩૯૦ | ૪૦૦ |
| મેથી | ૧૦૦૧ | ૧૩૦૧ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૭૦૧ | ૧૮૦૦ |
| ચણા | ૬૦૦ | ૧૧૪૨ |
| જીરૂ | ૪૧૦૧ | ૫૩૬૦ |
| રાઈ | ૧૧૧૫ | ૧૨૨૧ |
| રાજગરો | ૧૭૫૦ | ૧૭૫૧ |
| સોયાબીન | ૮૦૧ | ૮૫૧ |
| ધાણા | ૧૩૩૬ | ૧૩૩૬ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૫૧ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૮૭૪ | ૧૧૯૭ |
| મગફળી જાડી | ૯૩૧ | ૧૨૭૬ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૮૦૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૫૭૦૦ |
| ઘઉં | ૪૩૫ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૩૮ | ૬૫૪ |
| બાજરો | ૪૫૦ | ૫૩૬ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૭૧ |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૦૧ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| બાજરો | ૪૫૧ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૬૧૧ |
| જુવાર | ૪૫૦ | ૯૦૦ |

# આજના વિપક્ષોની વૈચારિક ઋગ્ણતા, ભારત વિરોધીઓનો સાથ

વિચાર વલોણું



જયવંત પંડ્યા

પી. ચિદમ્બરમ્, આદિવાસી નેતા હેમંત સોરેનની ધરપકડ વખતે કોઈ મહા રેલી ન કરનાર કોંગ્રેસ અને અન્ય વિપક્ષોએ અરવિંદ કેજરીવાલની ધરપકડ પછી ગત ૩૧ માર્ચે દિલ્લીના રામલીલા મેદાનમાં મહા રેલી કરી. રામલીલા મેદાન પણ રોતું હશે કે અહીં એક સમયે કોંગ્રેસના ભ્રષ્ટાચારને દૂર કરવા માટે અન્ના હઝારે જેવા પવિત્ર માણસ ઉપવાસ પર બેઠા હતા અને તેમાં કેજરીવાલ પણ જોડાયા હતા અને હવે કેજરીવાલને બચાવવા રેલી થઈ રહી છે.

અહીં કેજરીવાલ દોષિત છે કે નહીં તે મુદ્દો નથી. મુદ્દો એ છે કે માત્ર કેજરીવાલની ધરપકડ વખતે જ કેમ કોંગ્રેસ અને અન્ય વિપક્ષો જાગ્યા? કેજરીવાલની સામે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંતસિંહ પન્નુએ ખાલિસ્તાની આતંકવાદી દેવિન્દરપાલસિંહ ભુલ્લરને છોડાવવા ૧૩૪ કરોડ રૂ. લીધાનો આક્ષેપ કર્યો છે. આ આક્ષેપ સાવ હવામાં નથી. દેવિન્દરપાલસિંહ ભુલ્લરને છોડાવવા કેજરીવાલે આ જ રીતે લોકસભા ચૂંટણીના વર્ષ ૨૦૧૪માં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પત્ર લખ્યો હતો. જે કોંગ્રેસનાં સર્વોચ્ચ નેત્રી ઈન્દિરા ગાંધી ખાલિસ્તાની સમર્થકોના હાથે બલિ ચડ્યા અને જે કોંગ્રેસે (ભલે નરસિંહરાવના સમયમાં) પંજાબમાંથી ખાલિસ્તાની આતંકવાદ સમાપ્ત કર્યો અને જે કોંગ્રેસના નેતાઓ હમણાં સુધી પંજાબ, દિલ્લી અને હિમાચલ પ્રદેશમાં આઆપ પર ખાલિસ્તાનનું સમર્થન કરવાનો આક્ષેપ કરતા હતા તે કોંગ્રેસ આઆપના શરણે ચાલી જાય?

આઆપ નેતા રાઘવ ચઢ્ઢા લંડન ગયા છે. ત્યાં તેઓ લેબર પક્ષના મહિલા સાંસદ પ્રીત કૌર ગિલને મળ્યા અને ગુપચૂપ નથી મળ્યા. જાહેરમાં ફોટો પડાવ્યો છે. આ મહિલા સાંસદ ખાલિસ્તાનના સમર્થક મનાય છે. કેનેડામાં હરદીપસિંહ નિજ્જરની હત્યા થઈ ત્યારે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડૉએ તેની તપાસ કરવા માગણી કરી અને ભારત પર આક્ષેપ કર્યો ત્યારે પ્રીત કૌર ગિલ તેના સમર્થનમાં બહાર આવ્યા હતા. અત્યારે અમેરિકાની ડેમોક્રેટિક પક્ષની સરકાર (જૉ બાઇડેન) અને જર્મનીની સૉશિયલ ડેમોક્રેટિક પાર્ટીની મિશ્ર સરકાર કેજરીવાલની ધરપકડ અંગે ચિંતા વ્યક્ત કરે તે જ ચિંતાનો વિષય છે. અમિત શાહ, પી. ચિદમ્બરમ, હેમંત સોરેન વખતે અમેરિકા, જર્મનીને કેમ લોકતંત્રની ચિંતા નથી થતી?

પંજાબની આઆપ સરકાર એક સાધારણ યુટ્યુબર રચિત કૌશિક (સબ લોકતંત્ર હૈ)ને લગ્નમાંથી ઉઠાવી લઈ જાય કે બિહારમાં જ્યારે નીતિશકુમાર રાજદ સાથે સરકારમાં હતા ત્યારે તમિલનાડુમાં બિહારી શ્રમિકો પર આક્રમણ અંગે અવાજ ઉઠાવનાર મનીષ કશ્યપની ધરપકડ થાય કે મહારાષ્ટ્રમાં સુશાંતસિંહ રાજપૂતના રહસ્યમય મૃત્યુ, મૂકેશ અંબાણીના વસૂલી કૌભાંડ અંગે અવાજ ઉઠાવનાર પત્રકાર તંત્રી અર્નબ ગોસ્વામીને ઘરેથી ઘસડીને લઈ જવામાં આવે, પશ્ચિમ બંગાળમાં સંદેશખાલીમાં મહિલાઓના શોષણ અને તેમના પતિઓ પર અત્યાચારના આરોપી શાહજહાં શૈખને મમતા બેનર્જી દિવસોના દિવસો સુધી છાવરે, ઈડી પર હુમલાને જોયા રાખે, ત્યારે અમેરિકા-જર્મનીને કેમ લોકતંત્રની ચિંતા નથી થતી?

કોંગ્રેસ સત્તામાં હોત તો અમેરિકામાં ગુરપતવંતસિંહ પન્નુ કે કેનેડામાં ખાલિસ્તાનીઓને મળતા છૂટા દૌરને સાંખી લેત? જો ઉત્તર હા છે તો કંઈ કહેવું નથી. સ્વયં સિદ્ધ છે. પણ જો ઉત્તર ના છે, તો વિપક્ષ તરીકે તેણે પણ બુલંદ સ્વરે અવાજ ઉઠાવવો જોઈએ. વડા પ્રધાન મોદીની પડખે ઊભા રહેવું જોઈએ.

તેના બદલે વિપક્ષો ઊભા છે મુખ્તાર અન્સારી જેવા ગુંડાઓ પડખે. મુખ્તાર અન્સારીના બાપ-દાદાઓનો ભવ્ય અને ઉજળો ઈતિહાસ હશે, પણ મુખ્તાર અન્સારીની ગુંડાગીરી અને હિન્દુ વિરોધ કોઈ નકારી શકે તેમ નથી. પરંતુ તે પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ હમીદ અન્સારીનો ભત્રીજો થતો હતો. (તે સાંસદ હતો તેમ છતાં માનવાચક શબ્દ નથી વાપર્યો. જો અન્ય કોઈ પણ મોટા વ્યક્તિ પર અપરાધના આક્ષેપો લાગે છે તો મીડિયામાં તેના માટે તુંકારો શરૂ થઈ જાય છે તો પછી મુખ્તાર અન્સારી માટે માનવાચક શબ્દ કેમ?) એ કારણથી કે તે મુસ્લિમ હોવાથી તેના પ્રત્યે કુણૂં વલણ ન હોવું જોઈએ.

પરંતુ પંજાબમાં કોંગ્રેસની સરકારે તેને જેલમાં બે વર્ષથી પણ વધુ સમય સુધી રાજાની જેમ ઠાઠથી રાખ્યો. કોના કહેવાથી? અને તેને પંજાબથી ઉત્તર પ્રદેશમાં લાવવામાં કેટલી અડચણો આવી? અને આદેશ થઈ ગયા પછી પણ પંજાબની કોંગ્રેસ સરકારે વિલંબ કરે રાખ્યો જેના કારણે ન્યાયાલયે કોંગ્રેસ સરકારને ખખડાવી હતી. વર્ષ ૨૦૦૫માં જ્યારે સમાજવાદી પક્ષનું શાસન હતું ત્યારે ઉત્તર પ્રદેશની જેલમાં બેઠાં-બેઠાં મુખ્તાર અંસારીએ ભાજપના નેતા કૃષ્ણનંદ રાયની હત્યા કરાવડાવી હતી અને હત્યારાઓ ફૉન પર તેને લાઈવ કૉમેન્ટરી આપતા હતા! શું આની પાછળ રાજકીય નેતાઓનો દોરીસંચાર નહીં હોય? હોય જ. એટલે જ મુખ્તાર અન્સારીના મૃત્યુની તપાસની માગણી ઊઠી રહી છે.

અસદુદ્દીન ઓવૈસી જેવા માત્ર મુસ્લિમોના પક્ષ ચલાવતા નેતાઓ મુખ્તાર અંસારીના ઘરે જઈને તેના પરિવારજનોને સાંત્વના આપે છે. મુખ્તાર અન્સારીની અંતિમ ક્રિયામાં હજારો મુસ્લિમો ઉમટી પડે છે, તે શું બતાવે છે? આ મુસ્લિમોની ભીડ યાકૂબ મેમણ જેવા ત્રાસવાદીની અંતિમ ક્રિયામાં પણ ઉમટી પડે છે. પરંતુ પૂર્વ રાષ્ટ્રપતિ અને જેમના ડી. આર. ડી. ઓ.માં સેવાના કાળમાં ભારતની સુરક્ષા મજબૂત થઈ, પરમાણુ પરીક્ષણો થયાં તેવા મુસ્લિમ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામની અંતિમ ક્રિયામાં ન તો રાજકીય નેતાઓ જાય છે, ન તો મુસ્લિમો.



એક અખલાકના મૃત્યુ પર વિપક્ષો દાદરીની પર્યટકની જેમ મુલાકાત લે છે, પરંતુ બદાયૂંમાં એક ક્ષત્રિય વિનોદસિંહ રાઠોડ જેમને દુકાન ઊભી કરવા પૈસા આપે છે તે બે મુસ્લિમ ભાઈઓ સાજિદ અને જાવેદ વિનોદસિંહ રાઠોડના દસ અને છ વર્ષના બે દીકરાની તેમના જ ઘરમાં આવીને, તેમની આગતાસ્વાગતા માણીને ગળું કાપીને નિર્મમ હત્યા કરે છે ત્યારે ન તો વિપક્ષો બોલે છે, ન તો ક્ષત્રિય સમાજનું સ્વાભિમાન જાગે છે.

ધંધૂકામાં કિશન ભરવાડની હત્યા હોય કે ઉદયપુરમાં કનૈયાલાલ દરજીની હત્યા, આ બધા વખતે વિપક્ષો ચૂપ રહે છે. જમ્મુ-કાશ્મીરમાં ઉત્તર પ્રદેશ અને બિહારના શ્રમિકોની ત્રાસવાદીઓ હત્યા થાય છે ત્યારે વિપક્ષો ચૂપ રહે છે. તુર્કી કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ હટાવવા સામે બોલે છે ત્યારે વિપક્ષો કહેતા નથી કે આ અમારા દેશનો આંતરિક વિષય છે. અમે બહારના કોઈ દેશનો ચંચુપાત સાંખી લેશું નહીં.

કોરોના કાળમાં બીજી લહેર હતી ત્યારે ટપોટપ લોકો મરી રહ્યા હતા. તે વખતે અમેરિકાના મીડિયામાં ભારતની સળગતી ચિતાઓની તસવીરો છપાઈ રહી હતી. તેની વિરુદ્ધ વિપક્ષો બોલ્યા નહીં કે પહેલાં અમેરિકાની સ્થિતિ જુઓ. દિવસોના દિવસો લાશ રઝળે છે. હૉસ્પિટલોમાં જગ્યા નથી મળતી. લોકો રસી લેવા તૈયાર નથી. ભારતમાં મ્યાંમારથી રોહિંગ્યા મુસ્લિમો આવીને વસે છે ત્યારે વિપક્ષો તેમને હાંકી કાઢવાના બદલે તેમને વિધિવત્ (કાયદેસર) વસવાટ માટે કાગળિયા તૈયાર કરી આપે છે, પરંતુ જ્યારે પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાનથી હિન્દુ, શીખો, બૌદ્ધો, જૈનો, પારસીઓ, ખ્રિસ્તીઓ શરણ માટે આવે છે ત્યારે તેમને નાગરિકત્વ આપવાનો વિરોધ કરે છે અને વિરોધ કરવા સોનિયા ગાંધી દિલ્લીમાં રેલી કરી 'આરપારની લડાઈ' લડવા મુસ્લિમોને ઉશ્કેરે છે. આના પરિણામે દિલ્લીમાં રમખાણો થયાં, અમદાવાદ સહિત દેશભરમાં હિંસા થઈ તેનું ઉત્તરદાયી કોણ?

શાહીનબાગના ધરણાપ્રદર્શનમાં ભારતને પશ્ચિમ બંગાળના સિલિગુડી (ચિકન નેક તરીકે ઓળખાય છે)થી તોડવાનાં ભાષણો થયાં, ૧૯ જાન્યુઆરીએ ૧૯૯૦ની ૧૯મી જાન્યુઆરીને યાદ કરીને ઉજવણી થઈ, તો પણ તેના સમર્થનમાં કોંગ્રેસ અને આઆપના નેતાઓ ગયા. આ ભાગલાવાદી તત્ત્વોને મત માટે સમર્થન આપવાનું પરિણામ કેમ આ ટૂંકી બુદ્ધિના નેતાઓને સમજાતું નથી? દીર્ઘ દૃષ્ટિ જેવું કંઈ બચ્યું જ નથી કોંગ્રેસમાં કે અન્ય વિપક્ષમાં?

પોતે ૨૦૧૯ના ચૂંટણીઢંઢેરામાં જે વચનો આપ્યાં હતાં તે પૈકી ખેડૂત વિષયક ત્રણ કાયદાઓ લાવીને વડાપ્રધાન મોદી તે વચન પૂરાં કરે તો કોંગ્રેસે કહેવું જોઈતું હતું કે અમારાં વચનો મોદીએ પૂરાં કર્યાં તેનો અમને ગર્વ છે.

તેના બદલે સામ્યવાદીઓ અને અન્ય એક-બે સંગઠનોના ખેડૂત આંદોલનને ટેકો કોંગ્રેસ અને આઆપ આપે છે અને તેમાં ઈન્દિરાજીની જેમ જ નરેન્દ્ર મોદીની હત્યા કરવાની કહેવાતા ખેડૂતોના નામે ખાલિસ્તાનીઓ કરે છે. ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર લઈને લાલ કિલ્લા પર ચડાઈ કરે છે અને હિંસા કરે છે. ખાલિસ્તાની ધ્વજ ફરકાવે છે. હકીકતે તો આ ટ્રેક્ટરોને મોદી સરકારે ન રોક્યા અને ખાલિસ્તાની ધ્વજ ફરકાવવા સુધી પોલીસને કાર્યવાહી ન કરવા દીધી, રાકેશ ટિકૈતની ધરપકડ ન કરી તે માટે મોદી સરકારની વિપક્ષોએ ટીકા કરવી જોઈએ, પરંતુ વિપક્ષો તેમ કરતા નથી.

શું વિપક્ષો એ નથી જાણતા કે આ ખાલિસ્તાની કે આઈએસઆઈ/આઈએસઆઈએસ પ્રેરિત ઈસ્લામી ત્રાસવાદીઓને ટેકો આપવાથી કે તે અંગે મૌન રહેવાથી દેશની શું સ્થિતિ થશે? શું તેઓ ઈતિહાસ ભૂલી ગયા છે? મોહમ્મદ અલી ઝીણા પ્રત્યે ગાંધી-નહેરુએ આંખ આડા કાન કર્યા તેનું શું પરિણામ આવ્યું? અકાલી દળનો પંજાબમાંથી સત્તાકીય પ્રભાવ દૂર કરવા ઈન્દિરા ગાંધીએ ભીંડરાનવાલે પ્રત્યે શરૂઆતમાં કૂણું વલણ અપનાવ્યું તેનું શું પરિણામ આવ્યું?

ડીએમકેએ એલટીટીઈને છાવર્યું તેનું પરિણામ રાજીવ ગાંધીની હત્યામાં આવ્યું તેમ છતાં કોંગ્રેસ તેનો સાથ લે છે. ભૂતકાળમાં અટલ સરકાર વખતે ભાજપે પણ સાથ લીધો હતો. આવા પક્ષોની શું માન્યતા સમાપ્ત ન થવી જોઈએ? વળી, એના નેતા ઉદયનિધિ સ્ટાલિન તો સનાતનને સમાપ્ત કરવાની વાત કરે છે, તેમ છતાં કોંગ્રેસ તેનો વિરોધ કરવાનું તો દૂર, તેના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગે તેનું સમર્થન કરે છે. કર્ણાટકમાં બજરંગ દળ પર પ્રતિબંધ મૂકવાની વાત થાય છે, પરંતુ આતંકવાદી સંગઠન પીએફઆઈ પ્રત્યે કોંગ્રેસે આંખ આડા કાન કર્યા હતા.

આ જ રીતે કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે તો અર્બન નક્સલીઓ સામે પગલાં લેતી હતી પરંતુ વિપક્ષમાં આવ્યા પછી ભીમ-કોરેગાંવમાં આરોપિત અર્બન નક્સલીઓ છૂટે છે તેનો વિરોધ કરતી નથી. તાજેતરમાં જી.એન. સાંઈબાબાને મહારાષ્ટ્ર ઉચ્ચ ન્યાયાલયે (અગાઉ તેમને આજીવન કેદની સજા કરાઈ હતી તેમ છતાં) છોડી દીધા તો વિપક્ષોએ મહારાષ્ટ્રની શિંદે સેના-ભાજપ સરકારને પ્રશ્ન કરવો જોઈએ. પરંતુ કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર જેલમાં રહેલા અર્બન નક્સલી આરોપી આનંદ તેલતુમ્બ્ડેને બસવ પુરસ્કાર આપે છે.

સત્તામાં આવવા માટે વિપક્ષોએ પોતાની છબિ રાષ્ટ્રવાદી કરવી પડશે. રાષ્ટ્ર પ્રથમની નીતિ અપનાવવી પડશે કારણકે સામે ભાજપ પક્ષ અને નરેન્દ્ર મોદી-અમિત શાહ-યોગી આદિત્યનાથ-રાજનાથસિંહ જેવા રાષ્ટ્રવાદી નેતાઓ છે. જે રીતે અટલબિહારી વાજપેયીએ બાંગ્લાદેશ યુદ્ધ વખતે ઈન્દિરા ગાંધીજીનું સમર્થન કર્યું હતું, જે રીતે મનમોહનસિંહને નવાઝ શરીફે 'દેહાતી ઔરત' કહ્યા તેનો વિરોધ નરેન્દ્ર મોદીએ કર્યો હતો, તે રીતે ભારત વિરુદ્ધ બોલનારા વિદેશી તત્ત્વો સામે અવાજ ઉઠાવવો પડશે તો જ સત્તાની નજીક પહોંચી શકાશે. ■

jaywant.pandya@gmail.com

# પ્રતિનિધિ – સોશ્યલ મીડિયાનો વિ. જમીનમાંથી ઉગેલો....

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

બહોળા વર્ગને કે છેવાડાના માણસના હિતને રજૂ થવા માટે પ્રતિનિધિત્વની વ્યવસ્થા લોકશાહીમાં અમલમાં છે. પ્રતિ એટલે સામેનું કે વતી જેવો ગુજરાતી ભાવાર્થ થાય



છે. અન્ય વ્યવહારિક ક્ષેત્રમાં આડતીયો, મધ્યસ્થી, મુખત્યાર, અભિકર્તા જેવા શબ્દો પણ વપરાય છે પણ સામાજિક અને રાજકીય જીવનમાં પ્રતિનિધિ કે આગેવાન શબ્દ વધુ પ્રચલિત છે. ભારતીય લોકશાહીમાં ચૂંટણીની પ્રક્રિયા દ્વારા ગામડાના વોર્ડથી લઈને દેશના સર્વોચ્ચ સ્થાન એવા રાષ્ટ્રપતિ સુધીની પ્રતિનિધિ પસંદગીની એક સ્થાપિત પ્રક્રિયા છે. દરેક વર્ગ ટોળા લઈને રજૂઆત કરવા દરેક જગ્યાએ જઈ ન શકે, એટલી જગ્યા પ્રશાસન પાસે નથી હોતી. જે કાફલાનો છેલ્લો આદમી છે, જે સત્તાથી ઘણો દૂર અંતરિયાળ છે જે પોતાની સમસ્યાના નિરાકરણનો રસ્તો નથી જાણતો, એણે પ્રતિનિધિ દ્વારા રજૂ થવું પડે છે. એ પોતાનામાંથી કોઈ એક કે બે કે બેથી વધુની પસંદગી કરે છે, અને એ પસંદ થયેલા જે તે વર્ગનો અવાજ યથાયોગ્ય જગ્યાએ પહોચાડે છે. ટોળા દ્વારા ઉભી થનાર ધાંધલી કે બખેડો ટાળવા માટેની આ એક સુચારુ વ્યવસ્થા છે, જે લોકશાહીમાં સ્વીકારાયેલી છે. વસ્તીના મોટા સમૂહને પ્રતિનિધિ હોવો ખૂબ જરૂરી છે જે તેમના હિતો માટે અવાજ બુલંદ કરતો રહે. સમાજની કે વર્ગની સમસ્યા નિરાકરણમાં પ્રતિનિધિ અગત્યની કડી છે. જો પ્રતિનિધિ કાબેલ હોય તો સમસ્યાનું સુચારુ નિરાકરણ ઝડપી બને છે. આમાં ચૂંટાયેલા અને નહિ ચૂંટાયેલા જેવા બે સ્પષ્ટ વર્ગો પાડી શકાય.

પ્રતિનિધિની એક એવી આભા હોય છે કે જેના ખોળામાં પ્રજા પોતાનું ભાવિ રમતું મૂકી દે છે. મુશ્કેલ સમયમાં પ્રતિનિધિની ઓળખ છતી થાય છે. ભારતે બે એક વર્ષ પહેલા જ કોરોના જેવા દુષ્કર કાળનો સામનો કર્યો હતો. એક એવો કપરો સમય કે જે દરમિયાન આખી પ્રજા મોત ભાળી ગઈ હતી ત્યારે માથા પર કફન બાંધીને ખરો જનપ્રતિનિધિ પોતાના ઘરમાંથી બહાર આવીને ઝઝુમ્યો હતો. આજે જે વ્હોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુ ટ્યુબ પર હો દેકારો કરી રહ્યા છે એમાના ઘણા ખરા દરમાં પુરાઈ ગયા હતા અને ત્યાં બેઠા બેઠા સમગ્ર તંત્ર પર આંગળીઓ ઉઠાવતા રહ્યા હતા. આ પ્રકોપ પૂરો થયે નવા ઈસ્ત્રી કરેલા કપડા અને કાળા ગોગલ્સ પહેરીને પાછા બજારમાં આવી ગયા હતા અને લોકશાહીનો ભાવતાલ કરવા લાગ્યા હતા.

આજના સમયમાં સોશ્યલ મીડિયામાં જન્મદિવસની કે કોઈ અન્ય પ્રસંગની શુભકામનાઓ આપવામાં કોઈ વ્યક્તિ વિશે જે ભાષા વિશેષણોનો ઉપયોગ કરવામાં આવે છે એ કંઈક આવા હોય છે, 'સમાજના અગ્રણી... સક્રિય સામાજિક કાર્યકર્તા... સમાજનો નીડર અવાજ... વંચિતોના દુઃખોને વાચા આપનાર... ગરીબોના બેલી... જ્ઞાતિરત્ન.... સમાજનું ગૌરવ... સોશ્યલ મીડિયાએ આગેવાન પેદા કરવાની ઝુંબેશમાં ક્રાંતિ આણી દીધી છે. ગામની બહાર કોઈ ઓળખતું ન હોય તેને એક ઝાટકે આખા સમાજનો આગેવાન બનાવી દેવામાં આવે છે. પરમાર્થે આઠ આના નહિ ખર્ચતાને ભામાશા તરીકે રજૂ કરી દેવામાં આવે છે. સોશ્યલ મીડિયાની દુનિયા એ ખરજવું છે જે અધકચરા આગેવાનને બૃહદ ફલક પર છવાઈ જનારો નેતા બની જવાની ખુજલી ઉપાડે છે. એક યુ ટ્યુબ ચેનલ ખોલીને તમે ગમે તે વ્યક્તિ, સંસ્થા, પક્ષ, સમાજને ગાળો બકી શકો છે. આ પ્લેટફોર્મ પર સમાજ કે પક્ષ કે વર્ગનો અવાજ ઉઠાવનારાઓની સંખ્યા એટલી બહોળી થઈ ગઈ છે કે જે તે સમાજ મૂંઝવણમાં છે કે આમાંથી આગેવાન કોણ છે ?

તમારો વિજય કે પરાજય કે સમસ્યાનું સમાધાન તમારા પ્રતિનિધિત્વ પર નિર્ભર કરે છે. સોશ્યલ મીડિયા પર આગેવાન ચૂંટી લેવાથી કદાચ જે તે પ્લેટફોર્મ પર લાઈક કે વ્યુ મળી જશે, એક હો હા જેવી સફળતા પણ મળી જતી દેખાશે. પણ બુનિયાદી સ્તર પર પરિણામની શક્યતા ખુબ ઓછી છે. કારણકે આ બંને દુનિયા વચ્ચેનું અંતર ખાસ્સું લાંબુ છે. વીડિયો બનાવીને અપલોડ કરવો અને સ્થળ પર જઈને જાત નિરીક્ષણ કરવું બંને અલગ બાબત છે. તરવાની આખી ચોપડી કંઠસ્થ હોય એટલે પાણીમાં પડવા જેવી આ વાત છે. જે વર્ગ સોશ્યલ મીડિયા પર નેતાની પસંદગી કરી લે છે, તેના જમીની પ્રશ્નો ઉકેલવા એ નેતા સોશ્યલ મીડિયાના પ્લેટફોર્મથી નીચે ઉતરીને જમીન પર કામ નથી કરી શકતો. એ માટે ધીકતી વકીલાત છોડીને કપડવંજમાં મેજીસ્ટ્રેટ સમક્ષ સામાન્ય અરજદારના વકીલ તરીકે હાજર થવું પડે છે. જે જમીનમાંથી ઉગેલો પ્રતિનિધિ છે એ જ સમસ્યાના મુળિયા સુધી પહોંચી શકવાનો છે.

ક્વિક નોટ -- ખેડા સત્યાગ્રહ દરમિયાન કપડવંજ તાલુકાના ગામડાંમાં ફરી લડતનો પ્રચાર કરનાર એક સ્વંયસેવક ઉપર મામલતદારે હુકમ કાઢ્યો કે તમે વસૂલાતના કામમાં લોકોને ખોટું સમજાવી ઉશ્કેરણી કરો છો તેથી લૅન્ડ રેવન્યુ કોડની કલમ ૧૮૯ મુજબ જવાબ આપવા કચેરીમાં તમારે હાજર થવું.

આ નોટીસ સબબ સ્વયંસેવક તે દિવસે વખતસર મામલતદારની કચેરીમાં હાજર થયા. સાથે વકીલ પણ લાવ્યા અને એ વકીલે જવાબ રજૂ કરાવ્યો " સમન્સમાં જણાવવામાં આવે છે કે વસૂલાતના કામમાં લોકોને ખોટું સમજાવી ઉશ્કેરો છો. પણ મેં કાઈને ખોટી સલાહ આપી નથી, તેમ જ કોઈને ખોટા ઉશ્કેર્યા નથી. લોકો કોઈ રીતે ખોટું સમજ્યા હોય અગર ઉશ્કેરાયા હોય એમ બન્યું નથી. હું લોકોને તદ્દન વાજબી અને સાચી સલાહ આપું છું. મારા ગામનો પાક ચાર આનીથી ઓછો થયેલ છે, અને તેથી સરકારના નિયમને આધારે મારા ગામના લોકો જમીનમહેસૂલ નહીં ભરવાને હકદાર છે. "એ વકીલ હતા સરદાર વલ્લભભાઈ પટેલ. એ સમયે લાખોની ધીકતી વકીલાતની પ્રેક્ટીસ છોડીને પોતાના જણ સારું મામલતદાર સામે વકીલ તરીકે ઉપસ્થિત થનાર એ જણ જે કાફલામાંથી આવતો હતો તેના પ્રતિનિધિ હતા. આ એ આગેવાનો હતા જેણે તે સમયે છેક છેવાડાના ખેડૂત વર્ગને સર્વસત્તાધીશ અંગ્રેજો સામે વિજય અપાવ્યો હતો. ■

# ગરમ ગરવુ આવે એ ગરમ હશે?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧) તમે મારા એક પ્રશ્નનો જવાબ આપ્યો નથી, તો શું જવાબ આપવા જેવો નહોતો? હું તમારા પર શંકા કરૂ કે આશંકા?

હરિભાઈ ધોરાજિયા (લીલિયા મોટા)

તમારો આ જ વાંધો હરિભાઈ! એક સવાલનો જવાબ ન મળ્યો એમાં છાપામાં આપી દીધું. તમે આજ સુધી સવાલ પૂછવાનો એકપણ રૂપિયો નથી મોકલ્યો. મે કોઈને કીધું?!

(૨) ગરમ ગરવુ આવે એ ગરમ હશે?

કટારીયા આશા એચ. (કીડી)

નહિ, એને ગરમ કરવું હોય તો ગેસ પર મૂકો.

(૩) આ ઉનાળામાં કેરીનો ભાવ શું રહેશે?

પરમાર સુભાષ ઘનશ્યામભાઈ (મોટાલીલીયા)

તમને હું ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનો સેક્રેટરી લાગુ છું?!

(૪) દરેક વ્યક્તિને પારકાં ભાણામાં રહેલો લાડું કેમ મોટો લાગે છે?

યોગેશભાઈ આર. જોશી (હાલોલ:જિ.પંચમહાલ)

અમારે આ બાજુ હવે લાડુ નહિ, પારકી પ્લેટમાં રહેલી પાઉંભાજી મોટી લાગે છે. થોડા મોડર્ન બનો!

(૫) રાજકીય અને ચૂંટણીલક્ષી પ્રશ્નો પૂછવામાં આચારસંહિતા નહીં નડેને ?

કનુભાઈ પરમાર (દામનગર)

પૂછો પણ એનાથી તમારા ટ્રમ્પ અને બાઈડન સાથેના સંબંધો વણસે તો મારી કોઈ જવાબદારી નહિ!

(૬) ગૂગલ બધુ જ શોધી આપે તો શું જે રૂપિયા લઈને દેખાતા નથી તેમને શોધી આપે ?

મહેન્દ્ર મકવાણા (કરજણ)

તો તો મે તમને ન શોધી કાઢ્યા હોય?!

(૭) તમે IPL ની મેચ જોવા શું કામ જાવ છો?

રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)

ખેલાડીઓ રાજી રહે કે અમને જોવા માટે લેખકો પણ આવે છે!

(૮) કોઈકને સળી કરવાનું મન થયું છે. કોને કરુ?

દર્શન પટેલ (વડોદરા)

વાંદરાને ગલીગલી કરો જાવ!

(૯) હીરો હિરોઈનના લગ્ન કેમ ટકતા નહિ હોય?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

લગ્નને તો ટકવું જ હોય છે પણ આ લોકો ટકવા નથી દેતા.

(૧૦) મારા ચહેરા પર ખીલ બહુ થાય છે. મારા પુત્રને ખીલ ન થાય એ માટે શું કરવું?

રમાબેન પટેલ (અમદાવાદ)

એનું નામ અખિલ રાખી દો.

(૧૧) એ કોણ છે જેણે ઘણા લગ્ન કર્યા છતાં કુંવારો છે?

નિદા નસીમ (ઉના)

જેની જેની સાથે લગ્ન કર્યા એનો પતિ!

(૧૨) ગુજરાત કાશ્મીર જેવું હોત તો કેવું લાગત?

મુસ્તુફા કનોજિયા (રાજુલા)

તો આપણા ખેડૂતો કપાસ વીણવાને બદલે સફરજન વીણતાં હોત.

(૧૩) આ મોબાઈલ મારો ખૂબ સમય ખાઈ જાય છે, શું કરવું?

જયશ્રીબેન બી મહેતા (કોટડાપીઠા)

તમારા મોબાઈલમાં ગૂગલ પર જઈને 'મોબાઈલનું વ્યસન છોડવાના ઉપાયો' એ વિષય પર તપાસ કરો.

(૧૪) ગુજરાતી ફિલ્મોનું ધૂંધળું ભવિષ્ય એ વિષય પર સંશોધન કરવું છે. શું કરવું?

જય દવે (ભાવનગર)

તમારું ભવિષ્ય ધૂંધળું બનાવો મા.

(૧૫) આઈપીએલમાં આ વખતે બહુ શાંતિપૂર્વક ચાલી રહ્યું છે એમ નથી લાગતું?

રામભાઈ પટેલ (સુરત)

જરાય શાંતિપૂર્ણ નથી. સિરિયલ જોવી કે આઈપીએલ એ બાબતે ઘરમાં કેવા ડખા થાય છે એ સોસાયટીમાં આંટો મારી જોઈ આવો! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# દામ્પત્યસુખની કળા : તું રંગાઈ જા ને રંગમાં....!

રંગ લાગે એને તો એક છાંટો પડે ને તોય આખો મનખાવતાર બદલાઈ જાય અને ન લાગે એને રંગના હોજમાં ડૂબાડો તોય રંગ અડે કે ચડે નહિ. કેટલાક દંપતી એકબીજાના રંગે એવા રંગાઈ ગયા હોય છે કે પછી એને ઉત્તમ હો કે અધમ હો, આ સંસારની કોઈ ઈતર છાલક લાગતી નથી. જુની પેઢીમાં હજારો દંપતી એવા હતા કે એમણે એકબીજા સાથે સમજણથી અને વાતો કર્યા વિનાનો આખો ભવ પૂરો કર્યો.



એક જમાનો હતો કે દંપતી વચ્ચે નહિવત્ વાતો થતી ને પ્રેમ લગભગ દૈવી કક્ષાનો હતો. અણગમતા બંધનો અને વ્યર્થ રીતરિવાજો વચ્ચે ય ગુલાબના ફૂલને ખિલવાની જગ્યા હતી. આજે પણ છે. કોઈ પણ ફૂલછોડને કેળવવો પડે, એને પાંગરવા દેવાની ધીરજ અને નિરપેક્ષિત લાગણીઓનો એક પ્રવાહ ઘરની વચ્ચેથી વહેતો રહેવો જોઈએ.

દામ્પત્ય જીવનના સૂત્રો જે પ્રચલિત છે તે હવે સાવ નહિ તોય મહત્ તો અપ્રસ્તુત થઈ ગયા છે. નવદંપતીને કોઈની આદર્શવાદી સલાહની હવે જરૂર રહી નથી. આમ પણ તમે કોઈને સલાહ આપતા હો ત્યારે જરાય શોભાયમાન લાગતા નથી. માણસે સલાહ આપતી વેળાના પોતાના મુખારવિંદનું પ્રતિબિંબ જોતા રહેવાની વ્યવસ્થા રાખવી જોઈએ. એક આખો સલાહયુગ પૂરો થઈ ગયો છે. જે યુગમાં સલાહ આપતા વ્યાખ્યાનો, સલાહ આપતા પુસ્તકો અને સલાહ આપતા વક્તાઓ હતા.

વાતો કરો અને આનંદ કરો. અને ઉપદેશ કોઈને લાગે છે? જેને આત્મભાનથી બેઠા થવું છે એ તો કોઈ એક કીડી કે પાંદડાંમાંથીય બોધ પ્રાપ્ત કરી લેશે. આવનારા સમયમાં જેમણે સારી લાયબ્રેરીઓ જાળવવી હશે એમણે એમાં રહેલા સલાહકારી ગ્રંથો દૂર કરવા પડશે. એક નવા ઉછરતા જીવનને એટલે કે તરોતાજા કોઈ કૂંપળને હવે પાનખરના પાંદડાની આત્મકથામાં રસ નથી.

**નવદંપતીને કોઈની આદર્શવાદી સલાહની હવે જરૂર રહી નથી. આમ પણ તમે કોઈને સલાહ આપતા હો ત્યારે જરાય શોભાયમાન લાગતા નથી**

ઘરમાં નવી વહુ આવે એને ઘરની વિવિધ પ્રથા-પરંપરાની જાણ કરી શકાય. એ ભૂલ કરે તો સ્હેજ યાદી આપી શકાય. બસ એનાથી વધારાનું ગૃહપુરાણ ઉખેળવાની જરૂર નથી. આગંતુક નવવધૂને એ તો ખબર જ હોય કે એક નવી જ દુનિયામાં આવે છે. એના પગલાં એક અજાણી ભોમકા પર પડે છે. એનું સુખ એણે જાતે નીપજાવવાનું છે. જે તૈયાર છે એ તો સગવડ છે, સુખ નથી. સગવડને સુખ માની ન લેવાય. સુખ જેને લેતા ને આપતા આવડે એને સગવડના મોટા મહેલ થતા વાર ન લાગે પરંતુ સોનાની સાંકળે આંબાડાળે હિંચકો બાંધેલો હોય અને વહુ-દીકરો એના પર હિંચકતા હોય તોય એ છે તો સગવડ જ. સગવડમાંથી સુખ નીપજે એથી ક્યાંય અધિક સુખના ભંડાર તો સ્વભાવમાંથી નીપજે.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

દીકરાના લગ્ન થવાના બાકી હોય ત્યાં સુધી એ માતપિતાના 'ઘર' માં રહે છે. પરંતુ એકવાર એ પોતાની ધર્મપત્નીના કંકુપગલા સાથે પિતાના ઘરમાં પ્રવેશે એટલે એ ઘર એ બન્નેનું - નવદંપતીનું થઈ જાય છે. પછી માતાપિતા પોતાના ઘરમાં નહિ, દીકરાના ઘરમાં રહે છે. લગ્નથતાંવેંત દીકરા-વહુને ઘરનો કારભાર અને કાર્યભાર બેય સોંપી દેવાની જે માતપિતાની તૈયારી ન હોય એણે દીકરાની જાન જોડવી જ ન જોઈએ.

અથવા તો એવા માતાપિતાએ દીકરાને અને સભંવિત વહુને લગ્ન પૂર્વે એડવાન્સમાં મીઠી ભાષામાં સ્પષ્ટતા કરવી જોઈએ. સ્પષ્ટતાથી કુટુંબ ક્લેશ ઘટે છે અથવા થતો જ નથી. આખરે એક નવી પેઢી ઘરના ફળિયામાં આકાર લઈ રહી છે. એને સારા હવામાનની અને વડીલોની શુભાકાંક્ષાઓની જરૂર છે. માત્ર આશીર્વચનો કંઈ કામમાં આવતા નથી.

પોતાની દીકરી સાસરે જાય એને એની માતા પિયરમાંથી ફોન કરીને પૂછે કે બેન, તારી સાસુ કંઈ કામકાજ કરે કે બધું તારે જ કરવાનું.....! આ સિક્કાની બીજી બાજુ જ જોવાની હોય છે કે પોતે પોતાના ઘરમાં આવેલી પુત્રવધૂ સાથે કામકાજમાં કઈ રીતે જોડાય છે. હવે કોઈ માતાને સાસુપણું નિભાવવામાં રસ નથી એ સારી વાત છે પણ સાસુપણાનો યુગ પણ પેલા સલાહયુગ સાથે પૂરો થઈ ગયો છે. નવા જમાનાની કન્યાઓ તો અત્યંત સૌજન્યશીલ છે.

એ તો પિતાના ઘરેથી પોતાના ઘરે આવે એના પ્રથમ દિવસથી સસરાને પપ્પા અને સાસુને મમ્મી કહે છે. કમ સે કમ એના આ સંબોધનની મરજાદ જાળવીનેય પરિવારે નવી વહુ પર સુખનો શીતળ પાલવ-છાંયો રાખવો જોઈએ. કોઈ અજાણી વ્યક્તિ પણ તમને પપ્પા કે મમ્મી કહે તો તમારી જવાબદારી કેટલી બધી વધી જાય છે. આ તો તમારી પુત્રવધૂ છે ! વાત સાવ સામાન્ય છે. પુત્રના લગ્ન થયા પછી આ ઘર દીકરા - વહુનું છે ને એમાં અમે એની સાથે રહીએ છીએ. આટલું સમજાય એનો સંયુક્ત કુટુંબનો વડલો જળવાય છે. એને આઠેય પહોર આનંદ છે. ■

# ડાયરીમાં ટપકાવેલાં રંગબેરંગી પુષ્પો પમરાટ ફેલાવી રહ્યા છે




નાસ્તાની સામગ્રી તથા દૂધ - ચાના કપ ટેબલ પર મૂકતાંની સાથે જ બાએ દામા સામે જોતાં પૂછયું : "તું આજે કેમ આમ સાવ ઉદાસ ઉદાસ ગભરાયેલો દેખાઈ રહ્યો છે ? ઊંઘ તો બરાબર કરી છે ને...? જોને..., તારા ચહેરા પર તો મને ગભરાટની રેખાઓ સ્પષ્ટ દેખાઈ રહી છે. જો એ.. જ્યોતિ, દામલનો ચહેરો જો... હું સાચું કહુ છું ને ? તને કંઈ થયું તો નથી ને...? આમ સાવ મૂંગો..."

"હા, બા...! તેના ચહેરા પર ગભરાટ તો મને પણ દેખાઈ રહ્યો છે..." જ્યોતિએ બાને સાથ પુરાવવા આવુ કહ્યું ત્યાં તો...

"બસ કરો બા, બસ કરો. મને કંઈ નથી થયું.. હું ઉદાસ પણ નથી ને ગભરાયેલો પણ નથી. તમે બંને તો..." દામલ આટલું બોલી અટકી ગયો એટલે તરત જ જ્યોતિ બોલી :

"બા..., આ તમારો દામો અને મારા માટે દામલ, તેની શી વાત કહું ? જુઓ..., તેના વિચારો, તેના સિધ્ધાંતો અને તેની બુદ્ધિ ! આ બધું જ બધું તીવ્રતાથી મારા હૃદયમાં સ્થાન લઈને બેસી ગયું છે.. અહાહા..., તેની ડાયરીમાં ટપકાવેલાં રંગબેરંગી પુષ્પો પુરબહારમાં ખીલી પમરાટ ફેલાવી રહ્યા છે.

તેના લખેલા એક એક શબ્દમાં, એક એક વાક્યમાં, કમળના ફૂલ ખીલી ઉઠયા છે. આવું અને આટલું સુંદર લખનાર આજે ઉદાસ કેમ હોય ? તેનામાં ગભરાટ કેમ આવે ? હું માનું છું કે આજે તેનામાં ઉદ્‌ભવેલો ગભરાટ કદાચ અનંત ખુશીનો પણ હોઈ શકે..! સાચું કહેજે... દામલ." જ્યોતિ આજે આવું બોલી.

"બા, સાંભળ્યું તમે ? જ્યોતિનું અનુમાન સાચું છે. અનંત એવી ખુશી એક સામટી દિલમાં ભરાઈ આવે.... ત્યારે મીઠો મીઠો ગભરાટ પણ કયારેક ઊભરી આવે છે. આવું જ કંઈક આજે મને થયું છે. એટલે ચિંતા કરવાની જરૂર નથી..." દામલે જવાબ આપતા કહ્યું.

"હા...ભાઈ હા! હવે તું સાચો. આમ કંઈ બોલે તો મને ગમે. સાવ મૂંગો રહે તો... તો મને ચિંતા થાય, હવે નાસ્તો કરવા માંડો થોડીવાર પછી તો તમારે શાળાએ જવાનો સમય થઈ જશે..." બા હસતા હસતા બોલ્યા.

આમ નાસ્તાને ન્યાય આપ્યા પછી દામલ અને જ્યોતિ ઊભા થયા. હવે દામલના શ્વાસ એકદમ સરસ રીતે ચાલવા લાગ્યા હતા તો પણ અંદર અંદરથી ઉદ્‌ભવેલો છૂપો ડર આમ તો તેને ખુબ જ ગમ્યો હતો. અને એ પળ, એ ક્ષણની યાદ આવતાની સાથે જ હવે તો તેના વદન પર સ્મિત રમવા લાગતું હતું.

બરાબર પોણા અગિયાર વાગે દામલ અને જ્યોતિ તૈયાર થઈ સ્કૂલે જવા માટે ઘરમાંથી બહાર નીકળ્યા. રસ્તામાં ચાલતા ચાલતા દામલને વિચાર આવ્યો, ઈચ્છા થઈ આવી કે, જ્યોતિને હળવેકથી કહી દઉં કે, આઈ લવ યું... જ્યોતિ ! પરંતુ આવુ કહેવા માટે તે હિંમત ન કરી શક્યો. માત્ર તેના હોઠ ફફડતા જ રહ્યા. એક પણ શબ્દ તે બોલી ન શક્યો. ત્યાં તો સ્કૂલના દરવાજામાં બંને દાખલ પણ થઈ ગયા.

કહેવાય છે કે પ્રથમવાર પ્રેમની જ્યોતિ પ્રજ્વળતા સમયનો ભોગ આપવો પડે છે. પરંત અહીં તો સૂર્ય ઉદય વેળાએ, સવાર સવારનાં અકલ્પિત એવી ઘડીએ, એવી પળે... અચાનક જ પ્રેમની જ્યોત ઝગમગી ઊઠી, આને જ નસીબ કે પ્રારબ્ધ કહેવાય !

ઓફિસ કામમાંથી નવરા થતાં આચાર્યની નજર સામે હવે જ્યોતિના દર્શન થયા એ સાથે જ તેમણે ઝડપથી જ્યોતિને પૂછયું : " અરે જ્યોતિ, આજે તારે તારા ગામ જવાનું છે ને ?"

"હા સાહેબ..." જ્યોતિએ સ્મિત સાથે જવાબ આપ્યો.

"સારૂં... સારૂં..."

"ચોક્કસ...બેના ! તું તારે બેફિકર થઈને જજે અને હા, દવેને પણ હું કહીશ કે તે તને બસ સ્ટોપ સુધી પહોંચાડે, તું ચિંતા ન કર..."

"આભાર સાહેબ...." આભાર વ્યક્ત કરતા જ્યોતિ બોલી.

ઉપરી અધિકારી દ્વારા રજા મળી તેનો આનંદ જ્યોતિને ખૂબ જ થયો અને સાથે સાથે દામલ તેને બસ સ્ટોપ સુધી મૂકવા પણ આવશે એવું કહેતા આચાર્ય માટે પણ તેને ખૂબ માન થયું. વળી આજે સવારના પોતાના થકી દામલના હોઠ પર થયેલી, દામલના હોઠ પર કરેલી ચૂમીનો દૈહિક આનંદ તો હતો જ એટલે તો અત્યારે પણ તેના હોઠના ખૂણે નાની નાની સ્મિતની અસંખ્ય લહેરખીઓ આમ - તેમ મરડાવા લાગી હતી. તેના ચહેરાની સુંદરતામાં ઓર વધારો થયો હતો.

સાંજના ચાર થયા.. હવે જ્યોતિને જાણે વિસાવદર પહોંચવાની ભારે ઉતાવળ થઈ રહી હતી. એ ઊંચી નીચી થવા લાગી હતી. વિચારી રહી હતી કે કયારે દામલ આવે ને ઝડપથી સ્કૂલ બહાર નીકળીએ...! બસ આ...લગન !

ત્યાંજ સામેથી દામલ આવતો દેખાયો. સાવ નજીક આવતા જ તે બોલ્યો : "ચાલ..., આપણે જઈએ... ચાર થયા છે. ઘરે જઈ તારે તારી બેગ અને થેલો પણ લેવાના છે. પાંચની બસ છે, આરામથી પહોંચી જઈશું...."

જ્યોતિ અને દામલ શાળાના દરવાજામાંથી બહાર નીકળ્યા. દામલે ચાલતા ચાલતા એમ જ જ્યોતિને પૂછયું : "તું તારા ઘરે જઈને શું કરીશ ? તારા મા...બાપ..."

"દામલ..." દામલને આગળ બોલતા અટકાવીને જ્યોતિ ઝડપથી બોલી : " તું ધ્યાનથી સાંભળ : હું મારા મમ્મી - પપ્પા, ભાઈ - બહેન કે પછી કોઈપણ મારા સગાં વિશેની વાત કયારેય પણ કરવા માગતી નથી, ને આવી વાત કદી કરીશ પણ નહીં. તારે મને આવું કદી પણ પૂછવું જ નહીં. હા, એવો કોઈ સમય આવશે ત્યારે હું તને સામેથી બધું જ કહીશ પરંતુ અત્યારે નહીં.

" તું બળુકો અને ખડતલ છે, સાથે સાથે જ્ઞાની ને કસાયેલા શરીરવાળો કાચો કુંવારો યુવાન જોઈ તારી સાથે લાગણીના બંધનથી બંધાઈ ચૂકી છું. પ્રેમના કે પછી બીજા કોઈ આશય થકી એક છોકરીની જાત હોવા છતાં પણ મેં પહેલ કરી છે આવી મારી પહેલને સ્વીકારવી કે ન સ્વીકારવી તે તારી મરજીની વાત છે. મને તારા પ્રત્યે જે ભાવ જાગ્યો, જે હેત ઉપજ્યું... તેનો મેં તરત જ અમલ કર્યો. તારા હોઠ પર આવેશમય ચૂમી ભરી તે કયારેય સાંભળ્યું છે કે, પ્રેમી યુગલમાંની પ્રિયતમા તેના પ્રીતમને પ્રથમ ચૂમી ભરે ! અરે.., આવી ચૂમી માટે છોકરાઓ તો તલસતા હોય, તલપાપડ થતા હોય.



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

"મારાથી ભરાયેલ આવું પગલું તને સારૂં લાગ્યું હોય તો પણ અને ખરાબ લાગ્યુ હોય તો પણ... ઠીક છે મારી અદમ્ય ઈચ્છા અનુસાર મેં આવું કર્યું છે. તારા હોઠને ચૂસવાથી મારામાં જીવન જીવવાની જડીબુટીનો રસ મને મળ્યો છે. આ રસ મને ખૂબ જ મીઠો અને મધુરો લાગ્યો છે. કદાચ તારા અધરોમાં આટલી બધી સરસ ઉર્મિઓ સંતાઈને પડી હશે... એવું મને મહેસૂસ થયું. સાચું ને ?" જ્યોતિ ઘણું ઘણું બોલીને હવે ચૂપ થઈ.(ક્રમશઃ) ■

# રાઘવે તેની હથેળી લઇને પોતાની હથેળીમાં મૂકી પણ....

"આ છું પાતળું એંધાણ તો મને ત્યારે જ આવી ગયું હતું પણ... પૂછું કેમ ?" હરિદાસે પોતાની જટાજૂટ દાઢી ઉપર હાથ ફેરવીને મરમ કર્યો : " પુરાવા વગર તને સીધું જ પૂછું તો તું પાછો મને સવાલ કરે કે હું જ રાઘવ છું. એનો પૂરાવો છે ? મૂળ તો તું પુરાવો માંગવાવાળો ખરોને?




પણ જુવાન સાચના પૂરાવા ન હોય અને સતના પારખા ન હોય. ખુદમાં ભરોસો હોય અને ઉપરવાળા ઉપર વિશ્વાસ હોય એને પુરાવાની કે પારખાની જરૂર નથી પડતી."

હરિદાસના જ ઘરે, ઓંસરીની અંદર સવામણના ગાદલા ઉપર ભાંગેલા પગે પ્લાસ્ટરનો પાટો બાંધીને સૂતેલા રાઘવને હરિદાસનાં વેણ યાદ આવ્યા.

શહેરના દવાખાને હાડકાના ડોકટરે પીસ્તાલીસ દિવસનો પ્લાસ્ટરનો પાટો બાંધી દીધા પછી રાઘવે બે હાથ જોડીને કહ્યું હતું "ભગત મને હવે જવા દો."

"ક્યાં જશો? " હરિદાસે હેતાળવું હસીને કહ્યું હતુ પછી ઠપકાભરી આંખે પૂછયું હતું : "ઘરે છે ? ઘરવાળુ છે ? માવતર છે ? કોઈ સેવા કરવાવાળુ છે ?" જવાબમાં એણે નજર ઝુકાવી દીધેલી એટલે પછી હરીદાસે તેનો ખભો પસવાર્યો : " નથી ને ? તો પછી શું કામ ભાગે છે ? મારૂં ઘર છે. એને તારૂં ય ઘર સમજ. સાજો થઈ જા પછીની વાત પછી..."

એ કશું બોલી શક્યો નહી પણ હરિદાસ એને ઘરે પાછો લાવ્યા એ રૂપાથી સહન થયું નહોતું. જેવું એકાંત મળ્યું કે એણે હરિદાસનો મીઠો ઉઘડો લઈ લીધો : "તમે આને અહી પાછો ? "

"તો ક્યાં જાત ? એને ઘરબાર તો છે નહી."

"એના ઘણાં સગા છે... એની બેન છે ટેમ્પો ત્યાં મોકલી દેવો હતોને ?"

"અરે, ભગત..." હરિદાસે કરૂણા નીતરતી આંખે રૂપા સામે જોયુ : "તો તો આશરાનો ધરમ લાજે ભગત બીજું કે, એ વખાનો માર્યો આદમી છે તમે ભલે કહો એના ઘણાંય સગા છે પણ હકિકતમાં કોઈ નથી. બે ટક રોટલા ખાઈને અહી પડયો રહેશે બિચાકડો ! અને સેવા તો આપણો ધરમ છે ભગત. એની આગળ પાછળ કોણ ? જે ગણો ઈ હું અને તમે એનો દોઢ મહિનો ટૂંકો કરાવવાનો છે ભગત ! અને દિ' ઊગે ઈ આથમવાનો તો છે જ. સૂરજનારાયણ એક ઘડીકેય રોકાતા નથી. પાણીના રેલા જેમ દડી જશે દોઢ મહિનો..." હરિદાસે ચપટી વગાડી.

ઓંસરીમાં સૂતા સૂતા રાઘવ બેઉની વાત સાંભળી રહ્યો હતો. એક.. બે... ત્રણ.. પાણીના રેલાની પેઠે દિવસો જવા લાગ્યા. હવે લલ્લો કયારેક કયારેક રાઘવ પાસે આવતો, રાઘવ તેને રમાડતો કયારેક તેડીને પોતાની છાતી માથે પણ બેસાડતો. રૂપાને એ મુદ્દલ ગમતું નહીં. એ લલ્લાને ડારતી પણ હરિદાસ રૂપાને વારતો કહેતો કે, ભગત એવું ના કરો રમવા દો. લલ્લો જેટલું એની પાસે રહેશે એટલું એને વહેલું સારૂ થશે."

રાઘવને થતું કે આ આદમી છે કે ઓલિયો ? માણસ છે કે જતિ ? એને યાદ આવ્યું... પોતાને છકડામાં નાખીને દવાખાને લઈ ગયા ત્યારે હરિદાસે બોલેલા વેણ યાદ આવ્યા : હરિદાસે તેને કહ્યું હતું : "લલ્લા માટે અડધી રાત ઓઢીને આવવાનો આટલો મોટો દાખડો કર્યો ? રૂબરૂ આવી ગયો હોત તો આ દાખડો ન થાત. હક્ક તો તારો છે જ કેમ કે તું એનો સગો બાપ છો. આ તો મે એને મોટો કર્યો, પણ લોહી તારૂ છે."

આજે એને લાગ્યું કે ભલે સગ્ગો બાપ હું રહ્યો પણ, તમે તો મારાથી ય સવાયા બાપ થઈને ઊભા રહ્યા છો. પારકાના ટીપાને આદમી આટલો પ્રેમ કરી શકે ? કાંતો એ ઓલિયો હોય, કાં સંત હોય !

એક દિવસ સાંજૂકના વાડીએથી પાણી વાળતો હરિદાસ આવ્યો, ખીંટીએથી રામસાગર ઉતાર્યો અને ટેરવા તાર ઉપર ફેરવ્યા. રૂપા તેને તાકી રહી. એની હરિદાસે નોંધ લીધી એ હસ્યો બોલ્યો : "ભગત, આજે પૂનમ છે અને આતમનંદ બાપુ તરફથી વાયક આવ્યું છે. ભજનમાં જવું પડશે."

લઘુ-નવલકથા



યોગેશ પંડયા

" અરે પણ..." રૂપાના ચહેરા ઉપર મુંઝવણની આંકળીઓ ચિતરાઈ ગઈ.. કારણ કે ભજન તો સવારો સવાર ચાલવાના અને ઘરે પોતે અને રાઘવ એકલા ! એ પરપુરૂષ છે... ના... ના... રૂપાનું હૈયુ થડક ઉથડક થઈ ગયું. એણે કહી દીધું : "ભગત, તમે ના પાડી દો" " અરે, ભગત ના પાડું તો બાપુને ખોટું લાગે. ગયા વખતેય જવાયું નહોતું કારણ કે આપણે ફઈને ત્યાં હતા. પણ હવે ના કેમ પાડવી ? પણ તમે મુંઝાવ નહીં ભગત ! કાળિયા ઠાકર ઉપર અને મારી ઉપર વિશ્વાસ રાખજો. હું મોડે'કથી અવાય તો આવી જઈશ."

---------

ગામથી દૂર, સીમને સીમાડે, એકલવાયું ઘર અને એ ઘરમાં એક સ્ત્રી અને એક પર પુરૂષ...! રૂપાનું હૈયુ થડક ઉથડક થતું હતું. એકાંત હતું.... રાત હતી અને રાત કોઈ નવોઢાના અંગ ઉપરથી ઓઢણું સરે એમ સરી રહી હતી. પૂનમની ચાંદની પટમાં પથરાયેલી હતી. પણ કોઈ દિ' નહી ને આજ લલ્લો રાઘવ ભેગો સૂઈ ગયો હતો. પણ રૂપાને ચેન નહોતું. મન મુંઝાતું હતું એની નિંદર વેરણ બની ચૂકી હતી તો રાઘવની આંખોમાંય વિતેલા વરસો અને રૂપા સાથે ગાળેલી સુમધુર રાત્રીની ઘડીઓ ફિલમની પટ્ટી જેમ પસાર થતી હતી. ઓરડામાં અંદરથી સાંકળ વાસીને રૂપા સુતી હતી પણ લલ્લાની ચિંતાને લીધે રહેવાયું નહીં. એ ઓરડામાંથી બહાર આવી રાઘવના પડખામાં સૂતેલા લલ્લાને લેવા ગઈ કે રાઘવે હળવે'કથી તેનું કાંડુ પકડયું.

"હવે રહેવા દો..." રૂપા કંપી ઊઠી : " હવે મારૂં કાંડુ પકડવાનો કોઈ અરથ પણ નથી અને તમારો હક્ક પણ નથી. હવે હું પારકી પરણેતર છું."

"મારા તનમનમાં અટાણે કોઈ વાસના નથી કે કોઈપણ પ્રકારનો વિકાર નથી. ભગત, ભજનમાં ગયા હશે તો મારી ઉપરેય વિશ્વાસ મૂકીને ગયા હશે ને ? પણ મારે મારા હૈયાની બે વાત કરવી હતી. આજે હું અને તું એકલા છીએ બીજું કોઈ નથી."

"ટાણું હતું ત્યારે તો છોડી દીધું હવે શું ? અને રહી વાત હૈયાની તો તમારા હૈયાની વાત તે દિ' સાંભળવા મારા બેય કાન તરસ્યા હતા. તે દિ' તો હૈયાની વાત તમને સાંભરી જ નહી ? બસ એક ઘાને બે કટકા જેવા વેણ જ સાંભર્યા ? અને તે દિ' એ વેણ મેં મારા હૈયા ઉપર મણમણના પાણાં રાખીને સાંભળી લીધા હતા."

"એક ભૂલ તો ભગવાનેય માફ કરે છે. મેં ભગતની હાજરીમાં બે હાથ જોડીને માફી માગી છે અને આજ પણ માગુ છું... એકવાર મને કહી દે, "તને માફ કરી દીધો" એ વેણ સાંભળીને મને શાંતિ અને ટાઢક થઈ જાય રૂપા, હું... હું...ખૂબ પિડાયો છું અને પિડાઉ પણ છું.. હું હિઝરાવ છું.. મને જંપ નથી... તને દુઃખી કરીને ખૂબ પસ્તાઉ છું પણ... પણ..."

- જીભ નામક્કર ગઈ એટલે આંખોએ વારો કાઢયો.

"રહેવા દો, મરદ ઉઠીને રોતાં સારાં નથી લાગતા હવે.." અંતે રૂપા તેની આંખના આંસુ જોઈ ન શકી બોલી : " જાવ, માફ કરી દીધા બસ ?"

દરદનું કળતર તો બેયના રૂદિયામાં થતું હતું. ઓસરીના કમાડની આંકડીએ ટાંગેલા ફાનસના પીળા પ્રકાશમાંય બન્ને એકબીજાની આંખોની ભાષા વાંચતા હતા. હૈયું તો કહેતું હતું કે દુનિયા આખી ડૂબી જાય તોય તમારે અળગા થવાની કયાં જરૂર હતી ? ...બન્ને વચ્ચે મૌન ચણાઈ ગયું.

અંતે રૂપાએ જ મૌ તોડયું : " રોઈ કકળીને પગે પડી તોય તમને મારી ઉપર ભરોસો નહોતો કે આ તમારૂં જ લોહી છે અને તમે... ?" રૂપા આગળ કોઈ વેણ બોલે એ પહેલા રાઘવે તેની હથેળી લઈને પોતાની હથેળીમાં મૂકી પણ.... (ક્રમશઃ) ■

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# કતારમાં રહેતા ભારતીય રમેશ કન્નનને ૨૨ કરોડની લોટરી લાગી

**અબુધાબીમાં છેલ્લા બિગ ટિકિટ લાઈવ ડ્રો સીરીઝ ૨૬૨માં**

નવી દિલ્હી, તા.૬

કતારમાં રહેનાર ભારતીય રમેશ કન્નનને લકી ડ્રોમાં જેકપોટ હાંસલ કર્યો છે. અબુધાબીમાં છેલ્લા બિગ ટિકિટ લાઈવ ડ્રો સીરીઝ ૨૬૨માં રમેશને ૧ કરોડ દિરહમ(લગભગ ૨૨ કરોડ ભારતીય રૂપિયા)નું ઈનામ લાગ્યું છે. રમેશ છેલ્લા ૧૫ વર્ષથી કતારમાં રહે છે. કતારને પોતાનું ઘર માનનાર મિકેનિકલ ટેકનિશિયન રમેશનું કહેવું છે કે આ જેકપોટ પછી તેના આનંદનો કોઈ પાર નથી. રમજાનનો પવિત્ર મહિનો મોટું સૌભાગ્ય લઈને આવ્યો છે. રમેશે વધુમાં કહ્યું કે રમજાનના પવિત્ર મહિનામાં જીત હાંસલ કરીને ખુદને ધન્ય માની રહ્યો છું. મને જીતની આશા હતી અને દરેક મહિને હું પ્રાર્થના કરતો હતો કે હું જીતું. ગત મહિને ભવ્ય પુરસ્કાર જીતવાથી ફક્ત એક નંબર પાછળ હતો. મારી પાસે એક આંકડો છોડીને સંખ્યાઓનો સમાન ક્રમ હતો. મને ત્યારે થોડું દુખ થયું હતું, પરંતુ મને ખાતરી હતી કે હું એક દિવસ જીતીશ. છેવટે એ દિવસ આવ્યો અને મને ઈનામ મળ્યું. આટલી મોટી રકમ જીતવા માટે તેણે અત્યાર સુધીમાં લોટરી ખરીદવા માટે ઘણાં નાણાંનો વ્યય પણ કર્યો છે.

# અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં પોલીસે મુસ્લિમ મહિલાઓનો હિજાબ ઉતરાવ્યો

વોશિંગ્ટન, તા.૬

અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં પોલીસે બે મુસ્લિમ મહિલાઓના હિજાબ હટાવી દીધા છે. પોલીસે તેમની ધરપકડ કરી હતી. મહિલાઓએ કહ્યું- અમે કેટલું અપમાનિત અનુભવીએ છીએ તે શબ્દોમાં વ્યક્ત કરી શકાશે નહીં, હવે વળતરમાં ૧૪૫ કરોડ રૂપિયા મળશે તેની સંપૂર્ણ ઓળખનો રેકોર્ડ બનાવવા માટે તેનો હિજાબ દૂર કરવામાં આવ્યો હતો. હવે આ મહિલાઓને વળતર તરીકે ૧૪૫ કરોડ રૂપિયા મળશે. ૨૦૧૮માં બે મુસ્લિમ મહિલાઓ જમિલા ક્લાર્ક અને અરવા અઝીઝે કેસ દાખલ કર્યો હતો. જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમની ધરપકડ કર્યા બાદ ઓળખ માટે તેમની તસવીર લેવી પડી હતી. આ માટે તેમને તેમનો હિજાબ ઉતારવાની ફરજ પડી હતી, જેના કારણે તેમને શરમ અનુભવાતી હતી. એ અપમાનજનક ક્ષણો શબ્દોમાં વ્યક્ત કરી શકાતી નથી.

તે સમયે ઘણા પુરૂષ પોલીસ અધિકારીઓ અને ૩૦ કેદીઓ હાજર હતા. ક્લાર્કની ૯ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અઝીઝની ૩૦ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.

# કર્ણાટકમાં મતદારોને રીઝવવા નેતાઓએ ગુટખા, પાન-મસાલા વહેંચવાનું શરુ કર્યું

**કુકર, મિક્સર, સાડીઓ, દુપટ્ટા અને ટ્રાઉઝર જેવી સામગ્રી જપ્ત**

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણી દરમિયાન ઉમેદવારો મતદારોને આકર્ષવા અવનવી તરકીબો અજમાવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ આ વખતે ઉમેદવારો મતદારોને આકર્ષવા માટે તમાકુ, ખુશબુદાર ગુટખા, સ્માર્ટ ટીવી જેવી ચીજો પણ ઓફર કરી રહ્યા છે. જાણકારોના કહેવા પ્રમાણે ચૂંટણીમાં લ્હાણી તરીકે પાન-મસાલા આપવા સામાન્ય નથી. સામાન્ય રીતે લોકોને કપડાંની ઓફર કરવામાં આવે છે. મુખ્ય ચૂંટણી અધિકારી વેન્કટેશ કુમારે જણાવ્યું કે, જપ્ત કરાયેલી સામગ્રીમાં કુકર, મિક્સર, સાડીઓ, ચુડીદાર, દુપટ્ટા અને ટ્રાઉઝર સામેલ છે. બિદર, શિવમોગા, ચિકમંગલુરુ અને ગુલબર્ગા આ લિસ્ટમાં સૌથી ઉપર છે. ગેરકાયદે વહેંચવામાં આવી રહેલ આ સામાન જપ્ત કરીને પર પોલીસે ધરપકડની કાર્યવાહી શરુ કરી છે. રિપોર્ટ અનુસાર, પોલીસે શિવમોગામાં ચોખા, મીઠુ અને તેલના પાઉચ પણ પકડ્યા છે. ચૂંટણી અધિકારીના કહેવા પ્રમાણે, આ વખતે કરિયાણાનો સામાન સૌથી વધુ પ્રમાણમાં જપ્ત થઈ રહ્યો છે.

**વિદેશ મંત્રાલયે કહ્યું- અમે નહીં કેનેડા અમારી બાબતોમાં દખલ કરે છે**

# 'કેનેડાની ચૂંટણીમાં ભારતની દખલગીરીના આરોપો પાયાવિહોણા'



ટોરોન્ટો,તા.૦૬

ભારતનું કહેવું છે કે કેનેડાની ચૂંટણીમાં અમારી દખલગીરીના આરોપ પાયાવિહોણા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "કેનેડાએ અમારા પર આરોપ લગાવ્યો કે ભારતે તેમની ચૂંટણીમાં હસ્તક્ષેપ કર્યો. આ આરોપ પાયાવિહોણા છે. અન્ય દેશોની લોકતાંત્રિક પ્રક્રિયાઓમાં દખલ કરવાની ભારત સરકારની નીતિ નથી. તે કેનેડા છે જે અમારી આંતરિક બાબતોમાં દખલ કરે છે. હકીકતમાં, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે કેનેડામાં ૨૦૧૯ અને ૨૦૨૧માં યોજાયેલી બે સંઘીય ચૂંટણીઓમાં ચીને હસ્તક્ષેપ કર્યો હતો. આનાથી જસ્ટિન ટ્રૂડોને જીતવામાં મદદ મળી હતી. ચીને આ આરોપોને ફગાવી દીધા હતા. ત્યારબાદ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ આ મામલાની તપાસ માટે સ્વતંત્ર પંચની રચના કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે કેનેડા ભારતના આંતરિક મામલામાં દખલ કરે છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે કેનેડા ભારતના આંતરિક મામલામાં દખલ કરે છે. તપાસ પંચે ટ્રૂડો સરકાર પાસેથી પુરાવા માંગ્યા હતા. પંચે કહ્યું હતું કે તેણે ટ્રૂડો સરકારને આ ચૂંટણીઓમાં ભારતના કથિત દખલ સાથે સંબંધિત દસ્તાવેજો રજૂ કરવા કહ્યું છે.

**ચીન, રશિયા અને પાકિસ્તાન પર ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ**

ગયાવર્ષેકેનેડાનીચૂંટણીમાંદખલગીરીસંબંધિતરિપોર્ટમાંએવુંકહેવામાંઆવ્યું હતું કે ચીને ૨૦૧૯ની ચૂંટણીમાં ૧૧ ઉમેદવારોને સમર્થન આપ્યું હતું. એક કેસમાં $૨.૫ લાખથી વધુ આપવામાં આવ્યા હતા. ચૂંટણીમાં દખલગીરીના મામલામાં ભારત અને ચીન ઉપરાંત રશિયાનું પણ નામ આવે છે. કેનેડિયન મીડિયા અનુસાર, પંચ ૩ મે સુધીમાં પ્રથમ તપાસ રિપોર્ટ રજૂ કરી શકે છે. આખરી રિપોર્ટ વર્ષના અંત સુધીમાં આવશે. ચીન પર આરોપ- પ્રોક્સી કેમ્પેઈન માટે પૈસા આપવામાં આવ્યા હતા. ૨૦૨૧ની ચૂંટણીમાં પણ ચીની ડિપ્લોમેટ અને પ્રોક્સી કેમ્પેઈન માટે અઘોષિત રીતે પૈસા આપવામાં આવ્યા હતા. ટ્રૂડોએ ભારત પર નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યો હતો

**ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ અને કેનેડાના પીએમ ટ્રૂડો વચ્ચે દલીલ થઈ હતી**

ચૂંટણીમાં દખલગીરીની કામગીરી ટોરોન્ટોમાં આવેલા ચીની કોન્સ્યુલેટમાંથી ચલાવવામાં આવી રહી હતી. તેની પાછળનો હેતુ સાંસદોની ઓફિસમાં પોતાના લોકો રાખવાનો અને નીતિઓને પ્રભાવિત કરવાનો હતો. ૨૦૨૨માં બાલીમાં આયોજિત G20 સમિટ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ અને કેનેડાના પીએમ ટ્રૂડો વચ્ચે દલીલ થઈ હતી.

# વિશ્વમાં પ્રોસ્ટેટ કેન્સરના કેસ ૨૦૨૦થી ૨૦૪૦ દરમિયાન બમણાં થશે: લેન્સેટ

નવી દિલ્હી, તા.૬



વિશ્વભરમાં પ્રોસ્ટેટ કેન્સરના કેસ ૨૦૨૦થી ૨૦૪૦ના ગાળામાં બમણા થવાની આશંકા છે. 'ધ લેન્સેટ કમિશન'એ જણાવ્યું હતું કે, સૂચિત ગાળામાં આ રોગથી થનારા મૃત્યુની સંખ્યામાં ૮૫ ટકા ઉછાળો નોંધાશે. જેની સૌથી વધુ અસર નીચી અને મધ્યમ આવક ધરાવતા દેશો પર થવાની શક્યતા છે. રિસર્ચર્સના જણાવ્યા અનુસાર કેસોમાં ઉછાળો નિશ્ચિત છે. નિદાન નહીં થવાથી તેમજ ડેટા કલેક્શનના અભાવે પ્રોસ્ટેટ કેન્સરના કેસની વાસ્તવિક સંખ્યા ઘણી ઊંચી રહેવાની શક્યતા છે. અભ્યાસમાં જણાવ્યા અનુસાર વિશ્વમાં લોકોની વધતી વય અને સરેરાશ આયુષ્યમાં વૃદ્ધિને કારણે વૃદ્ધ પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર વધશે. રોગ માટે ૫૦ કે એથી વધુ વય રિસ્ક ફેક્ટર હોવાથી જીવનશૈલીમાં ફેરફાર કે જાહેર આરોગ્યમાં સુધારો પ્રોસ્ટેટ કેન્સરના કેસોમાં ઉછાળાને અટકાવી નહીં શકે. લેન્સેટ કમિશનના મુખ્ય રિસર્ચર નિક જેમ્સે જણાવ્યું હતું કે, "વિશ્વભરમાં આધેડ અને વૃદ્ધ પુરુષોની સંખ્યા વધી રહી છે ત્યારે પ્રોસ્ટેટ કેન્સરના કેસમાં વધારો નિશ્ચિત છે.

**૨૨ વર્ષ પહેલા એક ભારતીય સહિત બેની હત્યા કરાઈ હતી**

# અમેરિકામાં ભારતીયની હત્યા કરનારને ઈન્જેક્શન આપી મોતની સજા કરાશે

ઓક્લાહોમા, તા.૬



અમેરિકાના ઓક્લાહોમા રાજ્યમાં વર્ષ ૨૦૦૨માં એક ભારતીય સહિત બે લોકોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ હત્યાઓના દોષિતને ગુરૂવારે મોતની સજા ફટકારવામાં આવી છે. અમેરિકાના મીડિયા અહેવાલ મુજબ દોષિત માઈકલ ડ્વેન સ્મિથ(૪૧ વર્ષ)ને ઓક્લાહોમાની જેલમાં ઈન્જેક્શન આપીને મોત સજા આપવામાં આવી છે. સ્મિતે વર્ષ ૨૦૦૨માં ભારતીય નાગરિક શરદ પુલ્લુર અને જેનેટ મુરની હત્યા કરી હતી. સ્મિથે આ બંને હત્યાઓ અલગ-અલગ સમયે કરી હતી. કોર્ટે આરોપીને દોષિત ઠેરવીને મોતની સજા સંભળાવી હતી. ઓક્લાહોમાના એટોર્ની જનરલ જેન્ટર ડ્રમન્ડે સ્મિથને સજાના પછી આજના દિવસે મૂર અને શરદના પરિવારને કેટલીક હદે શાંતિ મળી હશે.

**૧૩ દેશો યુએનએચઆરસીના ઠરાવ પર મતદાન કરવાથી દૂર રહ્યાં**

# ભારતે ફિલિસ્તાનના લોકો માટે આત્મનિર્ણય પર UNHRCના પ્રસ્તાવના પક્ષમાં કર્યું મતદાન

નવી દિલ્હી, તા.૬



ભારતે પેલેસ્ટાઈનના લોકો માટે 'સ્વ-નિર્ણયના અધિકાર'ને સમર્થન આપતા સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ ના ઠરાવની તરફેણમાં મતદાન કર્યુ છે. ગત વર્ષથી ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. હુમલામાં બંને પક્ષોના હજારો લોકોએ જીવ ગુમાવ્યા છે. ભારતે 'પૂર્વ જેરુસલેમ સહિત કબજા હેઠળના પેલેસ્ટિનિયન પ્રદેશમાં જવાબદાર સાથે ન્યાય સુનિશ્ચિત કરવાની જવાબદારી અને માનવાધિકારની સ્થિતિ પર' ઠરાવ પર મતદાન કરવાથી દૂર રહ્યું છે કુલ ૧૩ દેશો મતદાનથી દૂર રહ્યા, જ્યારે ૨૮ દેશોએ તેને સમર્થન આપ્યું અને છએ ઠરાવની વિરુદ્ધમાં મત આપ્યો. ભારત ફ્રાન્સ, ડોમિનિકન રિપબ્લિક અને જાપાનને પ્રસ્વાત માટે મતદાનમાં ભાગ નથી લીધો. દરમિયાન, ઠરાવની તરફેણમાં મતદાન કરનારા દેશોમાં બાંગ્લાદેશ, બ્રાઝિલ, ચીન, ઈન્ડોનેશિયા, કઝાકિસ્તાન, માલદીવ્સ, કતાર અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. જો કે, યુ.એસ., અન્ય પાંચ દેશો સાથે, ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન પર યુએનએચઆરસીના ઠરાવોની વિરુદ્ધમાં મતદાન કર્યુ.

# ચૂંટણીમાં ૯૨ વર્ષીય વૃદ્ધ પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરશે

સાહિબગંજ , તા.૬

ઝારખંડના ૯૨ વર્ષીય દિવ્યાંગ ખલીલ અંસારી લોકસભા ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીએ સાહિબગંજ જિલ્લા ચૂંટણી અધિકારીઓને મતદાર યાદીમાં તેમનું નામ નોંધવાનો આદેશ આપ્યા પછી આ શક્ય બનશે. સીઈઓ કે રવિ કુમાર શુક્રવારે સાહિબગંજ ગયાં હતાં અને ઝારખંડની રાજધાની રાંચીથી લગભગ ૪૫૦ કિમી દૂરના આ જિલ્લાના મુન્દ્રો બ્લોકમાં મતદાન મથકોનું ઓચિંતું નિરીક્ષણ કર્યુ હતું. તેમણે અનેક ગામોની મુલાકાત પણ લીધી હતી તથા વરિષ્ઠ નાગરિકો અને શારીરિક રીતે અશક્ત મતદારોને મળ્યા હતાં. આ મુલાકાત દરમિયાન તેમણે અંસારીને પૂછ્યું કે શું તેમણે મતદાર તરીકે નોંધણી કરાવેલી છે. આ સવાલના સવાબમાં અન્સારીએ જણાવ્યું હતું કે "મેં ક્યારેય મારા મતાધિકારનો ઉપયોગ કર્યો નથી કારણ કે મતદાર યાદીમાં મારું નામ નથી." આ પછી અધિકારીઓને તાત્કાલિક અસરથી તેમનું નામ મતદાર યાદીમાં દાખલ કરવાનો આદેશ અપાયો હતો.

# ભારતીય ટીમનો ઓલરાઉન્ડર ખેલાડી હાર્દિક પંડ્યા સોમનાથ મહાદેવના દર્શને

સોમનાથ, તા.૬



ભારતીય ટીમના સ્ટાર ઓલ રાઉન્ડર અને આઈપીએલ ફ્રેન્ચાઈઝી મુંબઈ ઈન્ડિયન્સના સુકાની હાર્દિક પંડ્યાએ પ્રથમ જ્યોર્તિલિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. હાર્દિક પંડ્યાએ સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી અર્પણ કરી હતી અને મહાદેવને જલાભિષેક કર્યો હતો. આ અવસરે તેણે સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજન કર્યું હતું. આ તકે શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ મહાદેવનું સ્મૃતિ ચિત્ર અને પ્રસાદ આપી અભિવાદન કર્યુ હતું.

# ગીરગઢડાનાં સીમાસી ગામેથી વિદેશી દારૂનાં જથ્થા સાથે બુટલેગરની અટકાયત

ઉના,તા.૦૬



તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમ ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા જિલ્લામાં દારૂ જુગાર જેવી ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિઓ બંધ કરવા સૂચના આપેલ હોય જે અન્વયે જિલ્લા એલસીબી ઈન્ચાર્જ પી.આઇ એ.બી જાડેજા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી વોરાની સૂચના મુજબ ગીર સોમનાથ જિલ્લા એલસીબી ટીમે સીમાસી ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ એલસીબી ટીમનાં રાજુ ગઢીયા, પ્રવીણ મોરી સહિતનાઓ ઉના ગીર ગઢડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે દીવથી કોડીનાર તરફ કારમાં દારૂનો જથ્થો સપ્લાય થવાનો હોવાની બાતમી મળતા રાજુ ગઢીયા, પ્રવિણ મોરીએ ગીર ગઢડા પોલીસ મથકમાં આવતા સીમાસી ગામે વાહન ચેકિંગની કામગીરી હાથ ધરી હતી. આ દરમિયાન કેસરિયા ગામ તરફથી આવી રહેલ ડીડી૦૨ જી ૫૬૫૬ નંબરની કારને રોકાવી તપાસ કરતા કારમાં ભરેલ વિદેશી દારૂની નાના મોટી બોટલ નંગ ૧૩૮ જેની કિંમત ૧૪,૪૦૦ મોબાઈલ નંગ ૧ જેની કિંમત ૩,૦૦૦ તેમજ કારની કિંમત ૪ લાખ મળી કુલ ૪, ૧૭,૪૦૦ ના મુદ્દા માલ સાથે બુટલેગર દિનેશ તેજા વાઢેળ રહે. કોડીનારને ઝડપી પાડ્યો હતો. જ્યારે આ દારૂનો જથ્થો પૂરો પાડનાર બુટલેગરને ઝડપી પાડવા ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે કાર્યવાહી હાથ ધરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# ઉનાના તડ ગામ પાસેથી ગેરકાયદે રેતી ભરેલા બે ટ્રેક્ટરો મળી ૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**સાદી રેતીની હેરાફેરી કરતા ૨ ટ્રેક્ટર ટ્રોલી સાથે ૧૦ લાખનો મુદામાલ જપ્ત**

ઉના, તા.૬



ઉના તાલુકાના દરીયાઈ કાંઠા વિસ્તારમાંથી ગેરકાયદે ખનિજ રેતી ચોરીને અટકાવવા જીલ્લા કલેકટરના આદેશથી ઉના મામલતદાર કચેરીના સ્ટાફની સયુંકત ટીમ દ્વારા ઉના તાલુકાના નવાબંદર, દેલવાડા, કાળાપાણ, તડ, નાલીયા માંડવી સહિત આજૂબાજૂના ગામમાં તપાસ હાથ ધરતા ગેરકાયદે ખનિજ રેતી ભરેલા ટ્રેક્ટરો, મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ચેકિંગ દરમિયાન તાલુકાના તડ ગામેથી પસાર થતા ગેરકાયદેસર ખનિજ રેતી ભરેલ બે ટ્રેક્ટરો રોકાવી તપાસ કરતા રોયલ્ટી વગર ગેરકાયદેસર રીતે ખનિજ સાદી રેતીની હેરાફેરી કરતા ૨ ટ્રેક્ટર ટ્રોલી સાથે મળી કુલ અંદાજીત કિં. રૂ.૧૦ લાખની કિંમતનો મુદામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# વેરાવળ સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીના કેસ પેપરમાં પણ મતદાન જાગૃતિનો સંદેશો

**વેરાવળ સિવિલ હોસ્પિટલ દ્વારા દૈનિક ૭૦૦ કેસ પેપરમાં મતદાર જાગૃતિનો સિક્કો લગાવાય છે**

ગીર સોમનાથ, તા.૬





ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે વિવિધ વિભાગો દ્વારા વિવિધ પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યાં છે. આ જ ઉપક્રમમાં વેરાવળ સિવિલ હોસ્પિટલ દ્વારા દર્દીઓના કેસ પેપરમાં મતદાન જાગૃતિનો સિક્કો લગાવી અવશ્ય મતદાન કરવાં અનુરોધ કરી દર્દીની સેવા સાથે રાષ્ટ્રસેવાની ફરજ નિભાવવામાં આવી રહી છે. વેરાવળ સિવિલ હોસ્પિટલમાં ચૂંટણીલક્ષી લોકજાગૃતિ લાવવા એક અનેરો પ્રયાસ કરતા કલેક્ટર દ્વારા દૈનિક ૭૦૦ કેસ પેપરમાં મતદાર જાગૃતિનો સિક્કો લગાવીને દર્દીઓમાં મતદાન જાગૃતિ ફેલાવવામા આવી રહી છે.

# અમદાવાદ સહિત રાજ્યમાં હજી પાંચ દિવસ સુધી ગરમીમાં વધારો

(એ,આર.એલ),અમદાવાદ,તા.૬

અમદાવાદ સહિત રાજ્યભરમાં આજે મહત્તમ તાપમાનમાં નજીવો વધારો થયો હતો પરંતુ કેટલાક વિસ્તારમાં દિવસ દરમિયાન સતત વાદળો ઘેરાતાં ગરમીની અસર વર્તાઈ નહોતી. બીજી તરફ અમદાવાદની વાત કરવામાં આવે તો લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૩ ડિગ્રી વધુ નોંધાતા રાત્રે ગરમી વધી છે. આજે



શનિવારે ભાવનગર, દ્વારકા અને અમદાવાદમાં રાતનું તાપમાન ૨૫ ડિગ્રીને પાર નોંધાયુ હતુ. આગામી પાંચ દિવસ દરમિયાન અમદાવાદ સહિત રાજ્યમાં ગરમી વધવાની કોઈ શક્યતાઓ જણાતી ન હોવાના હવામાન ખાતાએ સંકેતો આપ્યાં છે.હવામાન ખાતા દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી નોધાયુ હતુ. શહેરમાં અત્યારે લઘુત્તમ તાપમાન ખરેખર ૨૨.૫ ડિગ્રી રહેવુ જોઈએ પરંતુ ૩ ડિગ્રી વધુ નોંધાતા રાત્રે ઉકળાટ વધ્યો છે. આજે સતત ત્રીજા દિવસે અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાદળો ઘેરાયેલા જોવા મળ્યાં હતા. અમદાવાદના વાતાવરણમાં ત્રણ દિવસથી ભારે પલટો જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં કમોસમી વરસાદ પડવાના કોઈ સંકેતો અપાયા નથી પરંતુ વાતાવરણ ચોમાસાના પ્રારંભ જેવુ થઈ ગયું છે. રાજ્યના જુદા જુદા શહેરમાં આજે મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થયો છે.

# ધોરાજીમાં મૂળ અમરેલીની પરિણીતા સહિત સાત સામે દુષ્કર્મ મામલે કેસ

રાજકોટ,તા.૬

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકા વિસ્તારમાં વિધવા મહિલાનો એકલતાનો લાભ લઈને તેના ૨ નણદોઈએ સામુહિક બળાત્કાર ગુજારી ઘરમાંથી કાઢી મુકવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પીડિતાએ અગાઉ પણ તેની સાથે થયેલા દુષ્કર્મ અંગે ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવા માટે પ્રયાસ કર્યો હતો. જોકે આ મામલે પોલીસે સહકાર નહીં આપતા હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જેને પગલે હાઈકોર્ટ દ્વારા હુકમ કરાતા પોલીસે મહિલાની ૪ નણંદ અને બે નણદોઈ તથા સાસુ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસનાં જણાવ્યા મુજબ પીડિતાએ તેમના નણદોઈ ઉપલેટાના ભાવેશ રજનીકાંત ધોળકીયા, જૂનાગઢના



અશોક ચીમનભાઈ વાછાણી દ્વારા મહિલાની ઈચ્છા વિરૂદ્ધ બળજબરીથી બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ આપી છે. જેમાં તેમની ૪ નણંદો ઉપલેટાના સીમાબેન ભાવેશભાઈ ધોળકીયા, રાજકોટ (મુળ.અમરેલી)ના જીપ્સાબેન જગદીશભાઈ છત્રોલા, રાજકોટ (મુળ.મોટી મારડ)ના લેરમાબેન દિલીપભાઈ રાછડીયા, જૂનાગઢના રાધીકાબેન અશોકભાઈ વાછાણી તેમજ સાસુ ધોરાજી તાલુકાના સાધનાબેન ગોવિંદભાઈ અઘેરાએ મદદગારી કરી હોવાનું જણાવ્યું છે.

# ચૂંટણી પ્રચાર દરમિયાન ધુડશીયા ગામે ડો. મનસુખ માંડવીયા ગરબે ઘૂમ્યા

અમરેલી,તા.૬

પૂર્વ કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા આ વખતની લોકસભાની બેઠકમાં પોરબંદરથી ચૂંટણી લડી રહ્યાં છે. ડો.મનસુખભાઈ માંડવીયાનુ નામ પોરબંદર લોકસભાની બેઠક માટે જાહેર થતાની સાથે જ આ પંથકના મતદારો અને ભાજપના આગેવાનોમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ હતી. હજી થોડા



દિવસ પહેલા ડો.મનસુખભાઈ માંડવીયા પોરબંદરના ક્રિકેટના મેદાનમાં યુવાનો સાથે ક્રિકેટ રમતા જોવા મળ્યા હતા. ડો. મનસુખભાઈ માંડવીયાનો આ અનોખો અંદાજ યુવાનોને પસંદ આવ્યો હતો. જયારે ગોંડલના ધુડશીયા ગામે ચૂંટણી પ્રચાર દરમિયાન ગ્રામજનોની લાગણીને માન આપી તેમની સાથે ગરબા રમ્યા હતા. ડો.મનસુખભાઈ માંડવીયા દ્વારા મતદારો સાથે જમીની આગેવાન તરીકે ઉભરી રહ્યાં છે. પોરબંદર લોકસભા વિસ્તારમાં લોકો દ્વારા તેમને સ્વયંભૂ સહકાર આપાઈ રહ્યો છે.

# આણંદના બોરસદની કોર્ટમાં જજ પર અસામાજિક તત્વોએ હુમલો કર્યો

(એ.આર.એલ),આણંદ,તા.૬

રાજ્યમાં અસમાજિક તત્વોનું જોર વધી રહ્યું છે. જ્યાં હવે આણંદના બોરસદની કોર્ટના જજ પર હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં જજ એમ. ડી.નંદાણી પર હુમલો કરી બે શખ્સ ફરાર થયા છે. જજની ચેમ્બરમાં ઘૂસી હુમલો કરતાં પોલીસ પર સવાલ ઉઠ્યા છે. બોરસદ કોર્ટમાં એડી.ચીફ. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.ડી.નંદાણી પર બોરસદ કોર્ટની ચેમ્બરમાં જ હુમલો થતા કોર્ટના રજિસ્ટ્રાર એલ.એ.પંચોલી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ અંગેની માહિતી અનુસાર, આણંદ જિલ્લાની બોરસદ કોર્ટમાં બે શખ્સોએ જજની ચેમ્બરમાં ઘૂસી હુમલો કરી દેતા ચકચાર મચી છે. ભરબપોરે હુમલો કરી હુમલાખોરો




ફરાર થઈ જતા પોલીસે અલગ અલગ ટીમો બનાવી હુમલાખોરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. તેમજ સીસીટીવીના આધારે હુમલાખોરોની ઓળખ મેળવવા પ્રયાસો હાથ ધર્યા છે.

કોર્ટની અંદર જ જજ પર હુમલો થતા હાઈકોર્ટ દ્વારા પણ સમગ્ર મામલે અહેવાલ માગવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. તેમજ જજ પર ચેમ્બરમાં પડેલી ટીપોય ફેંકવાનો પ્રયાસ કરી તોડી નાખી હતી.


સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.


# અમદાવાદના ધો. ૧૦ પાસ યુવાને અમેરિકનોને ચૂનો લગાવ્યો

અમદાવાદ,તા.૬

અમદાવાદના જુહાપુરાનો ધોરણ ૧૦ પાસ યુવક ફાંકડું અંગ્રેજી બોલી અમેરિકન નાગરિકોને લોનની લાલચ આપી ઠગતો હતો. પોલીસે બાતમીને આધારે તેને ઝડપી પાડ્યો હતો. ધોરણ ૧૦ સુધી ભણેલો સોહિલ પરવેઝ રાશિદ પરવેઝ શેખ (ઉં. ૨૭) અમેરિકાના લોકો સાથે ફોન પર 'મે આઈ હેલ્પ યુ' અને 'વોટ કેન આઈ ડુ ફોર યુ' તેવી વાત કરીને લોન લેવા માટે તૈયાર કરતો હતો. બેંકનો લોનનો નકલી અપ્રૂવલ લેટર બતાવીને કમિશન પેટે ગિફ્ટ વાઉચરથી ડોલરમાં પૈસા પણ લેતો હતો. આ યુવક તેના ઘરમાં જ રાતે ૧૨ વાગ્યાથી સવારે ૫ વાગ્યા સુધી કોલ સેન્ટર ચલાવતો હતો. તે રોજ રાતે ૩૦ લોકો સાથે વાત કરતો હતો. પોલીસે રેડ પાડી ત્યારે સોહિલ અમેરિકી નાગરિક સાથે જ વાત કરી રહ્યો



હતો. તેની પાસેથી લેપટોપ, ૩ ફોન મળ્યા હતા. પૂછપરછમાં સોહિલે જણાવ્યું હતું કે, તે અગાઉ રખિયાલમાં કોલ સેન્ટર ચલાવતો હતો ત્યારે હબીબ શેખ નામની વ્યક્તિના સંપર્કમાં આવ્યો હતો. ત્યાર બાદ હબીબ દિલ્હી જતો રહ્યો હતો અને ત્યાંથી કોલ સેન્ટર ચલાવતો હતો. હબીબ જે એપ આપે તેમાં ૧૫૦થી ૨૦૦ અમેરિકનનો ડેટા રહેતો હતો. હબીહ દોઢ વર્ષ પહેલાં અમદાવાદમાં જ કોલ સેન્ટર ચલાવતો હતો, પરંતુ તે દિલ્હી-નોઈડાથી સોહિલ જેવા યુવાનોને અમેરિકાના નાગરિકોનો ડેટા મોકલીને ઘરે બેઠા કોલ સેન્ટર ચલાવડાવે છે. જોકે તે અમેરિકન નાગરિકોનો ડેટા ક્યાંથી કેવી રીતે કોની પાસેથી લાવે છે તેમ જ તેની સાથે આ કારોબારમાં કોણ સંડોવાયેલું છે તેની તપાસ માટે પોલીસની ટીમ દિલ્હી જશે.


નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
70 9696 0000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.
તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.


# વડોદરામાં એસઓજીએ રૂા.૨૨ લાખનું ડ્રગ્સ ઝડપ્યું

(એ.આર.એલ),વડોદરા,તા.૬

રાજ્યમાં સતત ડ્રગ્સ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ વચ્ચે ભૂતડીઝાપા વિસ્તારમાં એસઓજીએ દરોડા પાડ્યા છે અને રૂ. ૨૨ લાખનો એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. આ સાથે જ આ ડ્રગ્સના નેટવર્ક અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી અનુસાર, વડોદરામાં ભૂતડીઝાપા વિસ્તારમાં એસઓજી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં ૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો એસઓજીની ટીમ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. જેની અંદાજિત કિંમત રૂ. ૨૨ લાખનો એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે.આ સાથે જ નસીર બિલ્ડીંગમાં એસઓજી દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જેમાં એસઓજીએ હૈદર નામના શખ્સની ધરપકડ કરી છે. સાથે જ ડ્રગ્સનો જથ્થો ક્યાંથી આવ્યો અને તેના મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.


સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ
ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા
માટે YouTube ચેનલમાં TIGER BORWELL
સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪॥॥ - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWEL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૫ ૧૨૬૭૪
કનુભાઈ સાંખટ મો.૭૬૨૨૯૮૨૭૨૨



॥ સ્નેહ નિમંત્રણ ॥
અતિ આધુનિક સુવિધાથી સજ્જ વિશાળ જગ્યામાં NABH ના નિયમ મુજબ
Health Care at its Finest Where Healing Matters...
સદ્‌વિચાર હોસ્પિટલ
ના નવ પ્રસ્થાન પ્રસંગે આપશ્રી મિત્ર મંડળ અને સહપરીવાર સાથે પધારી અમોને પ્રોત્સાહિત કરી અમારા ઉત્સાહમાં અભિવૃધ્ધિ કરશોજી.
તારીખ :- તા.૦૭/૦૪/૨૦૨૪, રવિવાર સમય :- સવારે ૯.૦૦ કલાકથી આપના આગમન સુધી....
॥ ઉદ્‌ઘાટકશ્રી - દિપ પ્રાગટય ॥
અમારા પરમ પુજ્ય માતા-પિતાશ્રીના વરદ હસ્તે | ડો.પ્રવિણભાઈ જે. બલદાણીયા, મેનેજીંગ.ડિરે.સદ્‌ભાવના ટ્રસ્ટ હોસ્પિટલ | સર્વ સમાજ શ્રેષ્ઠીશ્રીઓ રાજુલા,જાફરાબાદ,ખાંભા
॥ નિમંત્રક ॥
ડો.મેહુલ પટેલ
ડો.જાનકી પટેલ
ડો.મનીષ બાંભણીયા
ડો.ધારા બરાસરા
ડો.મનહર રવજીભાઈ બલદાણીયા, મંત્રીશ્રી-ભાવનગર જીલ્લા ભાજપા, પ્રમુખશ્રી અઢારગામ આહિર સમાજ-તળાજા (મનેજીંગ ડિરે.સદ્‌વિચાર પરીવાર હોસ્પિટલ ગ્રુપ)
શ્રી રૂખડભાઈ હાદાભાઈ બલદાણીયા શ્રી ચંદુભાઈ ખોડાભાઈ બાણુગારીયા
શ્રી ધીરૂભાઈ હાદાભાઈ બલદાણીયા શ્રી હેમલભાઈ ચંદુભાઈ બાણુગારીયા
॥ આશિર્વચન ॥
પ.પુ શ્રી ઉર્જાગિયા - પરમહંસ સન્યાસ આશ્રમ-બારપટોળી
મહંત શ્રી ગોવિંદ બાપુ-ગુરૂ શ્રી શામજી બાપુ - આપા ગીગા આશ્રમ-સતાધાર
મહંત શ્રી રાજેન્દ્રદાસ બાપુ - અખિલ ભારતીય અખાડા પરિષદ રાષ્ટ્રીય મહામંત્રી, રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી પંચનિર્મોહિ અનિ અખાડા
મહંત શ્રી બાબભાઈ બાપુ - રૂખડ બાપુની જગ્યા-વાવડી
પ.પુ સાધુ અખંડ મંગલદાસ - બી.એ.પી.એસ મંદીર-રાજુલા
કોઠારી સ્વામી હરીનંદનદાસજી - શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદીર-રાજુલા
બ્રહ્મકુમારી અનુબેન - સંચાલક બ્રહ્મકુમારી વિદ્યાલય-રાજુલા
પ.પુ મહંત શ્રી જયદાસ બાપુ - શ્રી હનુમાનજી મંદીર-ધાતરવડી પુલ
મહંત શ્રી સનાતનદાસ બાપુ - કેસરીનંદન હનુમાનજી મંદીર-રાજુલા
મહંત શ્રી બીજલ ભગત - શ્રી રામાપીર મંદીર-ખાંભલીયા
ડો.સ્વામી વિમળાનંદ - જાળુવાળા ખોડીયાર માં મંદીર-ખાખબાઈ
ફુલટાઈમ ડોક્ટર
ડો.મેહુલ પટેલ - એમ.ડી.(ફીઝીશ્યન) ડી.એન.બી, એમ.એન.એ.એમ.એસ (હૃદયરોગ તથા ડાયાબીટીસના નિષ્ણાંત)
ડો.જાનકી પટેલ - બી.ડી.એસ (દાંતના નિષ્ણાંત સર્જન)
ડો.ધારા બરાસરા - એમ.બી.ડી.જી.ઓ, સ્ત્રી રોગ અને પ્રસુતિના નિષ્ણાંત સર્જન
ડો.મનિષ બાંભણીયા - બી.એચ.એમ.એસ (સી.એમ.ઓ) ચીફ મેડીકલ ઓફિસર
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
• ૬૦ બેડની ક્ષમતા ધરાવતી હોસ્પિટલ
• જનરલ,સેમીસ્પેશ્યલ,સ્પેશિયલ,ડીલક્ષ રૂમ
• એન.આઈ.સી.યુ વોર્ડ
• સેન્ટ્રલાઈઝડ ઓક્સિજન લાઈન
• આઈ.સી.યુ વિભાગ
• વેન્ટીલેટર,બાઈપેપ,ઈસીજી
• આધુનિક ઓપરેશન થિયેટરની સુવિધા
• ૨૪ કલાક ઈમરજન્સી સારવાર
• મેડીકલેઈમ તેમજ કેશલેશ ની સુવિધા
• આઈ.સી.યુ ઓન વ્હીલ એમ્યુલન્સ
• સ્ટ્રેચર લીફ્ટની સુવિધા
• ૨૪ કલાક લેબોરેટરી ની સુવિધા
• ફાર્મસી
• ફીઝીયોથેરોપી
• ઓ.પી.ડી
• વેઈટીંગ એરીયા
• વિશાળ પાર્કિંગ
• ડિલીવરી રૂમ
એસ.બી.આઈ. કૃષી શાખા બેંકની બાજુમાં છતડીયા રોડ, રાજુલા
૮૭ ૩૪ ૮૦૦ ૯૩૭
shrajula2024@gmail.com